**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯, ૨૫૭૨૫૦૨**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Ma from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# ✿ અનુક્રમણિકા ✿


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| સર્વેશ્વરી અને હું! | શ્રી જગુભાઇ મિસ્ત્રી | ૧૧ |
| વાત્સલ્યમૂર્તિ કરુણામયી 'મા'ના કૃપાપ્રસંગો | હરિશ્ચંદ્ર જાની | ૧૭ |
| જીવનકલાની કેડીએ | ડો. પ્રકાશ ગજ્જર | ૨૧ |
| તુલસીકૃત રામાયણનું રસદર્શન | સંકલન નિર્ભયરામ વૈષ્ણવ | ૨૬ |
| આદર્શ દૃષ્ટાંતમાળા | સ્વ. પંડિત શિવપ્રસાદ દલપતરામ | ૩૨ |
| મારા રોમરોમમાં | — | ૩૯ |
| મારા ગુરુ | સ્વામી રામ | ૪૦ |
| આપણે તો આવું નથી કરતાને! | કાકા કાલેલકર | ૪૭ |
| શ્રીમા શારદામણિદેવીનો જન્મ—પરિવાર | ડો. અરુણિકા દરુ | ૪૯ |
| પુરુષોત્તમયોગ | યોગેશ્વરજી | ૫૫ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |


### ❊ ભક્તિસુધા ❊

**(મહારાજશ્રી નથુરામશર્મા)**

પ્રભુભક્તિના માર્ગમાં, ચાલે કોઇક વીર;
પગલે પગલે વેરીઓ, તાકી મારે તીર. ૧૧
પ્રેમનગરમાં પ્રભુ વસે, કરે ભક્તપર પ્યાર;
જે જાણે તે નગરને, પહોંચાડે નિર્ધાર. ૧૨
પ્રેમવડે આંસુ ખરે, ધરે પ્રભુનું ધ્યાન;
એવા દુર્લભ ભક્ત કોઇ, ભૂલે જગનું ભાન. ૧૩
ભક્તિનદીનું પૂર જો, આવે જનમનમાંય;
સૌ વિકાર તણાય ને, કચરો રહે ન ક્યાંય. ૧૪

**(ક્રમશઃ)**

## ❁ અભિનંદનીય સહાય ❁

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,
પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

"આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું 'અધ્યાત્મ' માસિક અમને ૨૫ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ."

—શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર
ટોરન્ટો, કેનેડા.



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૬ જુલાઈ–૨૦૦૫ અંક ૧૦

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૧૪–૧૧–૮૧ શનિવાર, કારતક વદ ત્રીજ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટાએના, કેલીફોર્નિયા, અમેરિકા.**

સાતમો દિવસ. અમેરિકાની ધરતી ઉપર અહીં વાતાવરણ ઠંડુ નથી. સ્થાન રળિયામણું છે. બહાર મુખ્ય માર્ગ ઉપર વાહનોની અવરજવર ચાલુ જ હોય છે.

પૂ. શ્રી સ્નાન કરે છે, પોતાના કપડાં ધૂએ છે, વ્યાયામ કરી લે છે, શરીરે તેલ ઘસીને મંત્રજપ કરવા બેસે છે. તે પૂરા થતાં લેખન શરૂ કરે છે. લેખન બાદ સાડા અગિયારે પૂ. શ્રી નિવૃત્ત થાય છે.

સર્વેશ્વરી સમયસર ઊઠીને પોતાની નોંધ લખે છે. વ્યાયામ કરી લે છે. મંત્રજપ કરી 'અધ્યાત્મ'ની નોંધ તૈયાર કરે છે. ત્રણેક પત્રો લખે છે. ત્યાર બાદ ભોજન બનાવવા જલ્દી યજમાન પરિવારના રસોડામાં જાય છે.

આજે મગ, ભાખરી ને બટાકાવડાના ભોજનની તૈયારી થાય છે. બરાબર સાડા અગિયારે પૂ. શ્રી ત્યાં આવે છે. પૂ. શ્રી પૂછે છે, 'કેટલી વાર છે? શું બનાવવા માંડ્યું?' અને એમ કહી એક—બે મિનિટ રસોડામાં આવીને બેઠક રૂમમાં રંગીન પાથરણાવાળી બેઠક ઉપર બેસે છે. એ બેઠકની ઉપર જ બે સંતવિભૂતિની તસ્વીરનાં દર્શન થાય છે. શ્રીરામકૃષ્ણદેવ અને શ્રી શારદામણિદેવી. બેઠક રૂમમાં સાંઈબાબાના ફોટાવાળું એક કેલેન્ડર છે. તે સિવાય ખાસ કશું દિવાલ ઉપર હોતું નથી. બેઠક પાસે બીજો એક લાંબો સોફો છે, જેના ઉપર સર્વેશ્વરી થોડી વાર પછી બેસે છે. સૌ પ્રણામ કરે છે. કારપેટ પર સફેદ રંગની ચાદર પાથરી છે, તેના ઉપર સૌ બેઠા છે.

પ્રશ્નોત્તરીનો કે સત્સંગનો આ વ્યવસ્થિત વાર્તાલાપ નથી છતાં આજે શ્રોતાઓથી આખો ઓરડો ભરાઈ ગયો છે. વાતો શરૂ થાય છે. જેમાં તાજેતરમાં શ્રી ભગવાનજીભાઈના સ્વજનના મૃત્યુ પ્રસંગની વાત થઈ રહી છે. એ વિષય આવતાં જ શ્રી કંચનબેન પૂછે છે : શ્રાદ્ધપક્ષમાં લોકો દૂધપાકનું ભોજન બનાવે છે, પણ તે તો કાગડાને તો છેક થોડું નાંખે ને પોતાના ઘરનાં જ વધારે ખાય છે. તો એ શ્રાદ્ધનો શો અર્થ?

પૂ. શ્રી : શ્રદ્ધાથી કરાયેલું કોઈ પણ કાર્ય તે શ્રાદ્ધ. એવું, દૂધપાક જેવું ભોજન તે દિવસે ઘરનાંએ ન ખાવું જોઈએ. હા, બીજાને ખવડાવો. તેનાથી શાંતિ મળે.

શ્રી કંચનબેન ફરી પૂછે છે : એવા શ્રાદ્ધથી શાંતિ મળે ખરી?

પૂ. શ્રી : હા. ઘણી શાંતિ મળે. ઘણાં જીવોને એવી ઈચ્છા હોય છે કે મારા મૃત્યુ પછી આટલું ભોજન કરાવે. એ ઈચ્છા



જ્ઞાનયુક્ત છે કે અજ્ઞાનયુક્ત તે તો તે જાણે, પણ એવી ઈચ્છાવાળા જીવ પાછળ ભોજન કરાવો તો તે જીવને શાંતિ થાય. તે જીવ તેવી ઈચ્છામાંથી છૂટી જાય. બધા જ જીવો કંઈ મુક્ત બની જતા નથી. એટલે દરેક જીવ લગભગ તે દિવસે ત્યાં આવે, જુએ. અને બધા જ જીવો કંઈ તરત શરીર થોડા બદલે? કેટલીક વાર રાહ જોવી પડે. મમતાવાળા જીવો રાહ જુએ. સૂક્ષ્મયોનિમાં રહેતા તે જીવોને દેશકાળનાં બંધન નથી હોતાં. એ તો સંકલ્પ માત્રથી કામ કરે. એ તો લોસ એંજલસ પણ આવે કે, મારી કંચન શું કરે છે? વધુ મમતા હોય તો એવું પણ બને.

શ્રી કંચનબેનને આજે ઘણી ઘણી વાતો જાણી લેવી છે જેથી ફરી એના જ અનુસંધાનમાં પૂછે છે:—

પ્રશ્ન : તે જીવનો જન્મ થયો હોય તો શ્રાદ્ધકર્મનું શું થાય?

પૂ. શ્રી : એ ખબર તો પડતી જ નથી ને! પણ એ નિમિત્તે તમે સત્કાર્ય કરશો તો, તે તો સારું જ કામ છે ને! તમે કંઈ અમસ્તી 'સરળગીતા' થોડી છપાવવાનાં હતાં? તમારા પિતાજીની પુણ્યસ્મૃતિમાં તમને એવી ભાવના થઈ તો એવા પ્રસંગ નિમિત્તે માનવ સત્કર્મ કરવા પ્રેરાય. લોકલાજે પણ તે કરે. અમારે માતાજી હતાં ત્યારે જ કેટલીયે સંસ્થાઓમાં એમને નામે રકમ મૂકી દીધી જેમાંથી સત્કર્મ થયા જ કરે છે. તેમની વિદાય પછી પણ સત્કર્મ કર્યું જ. એ નિમિત્તે માનવ કંઈ ને કંઈ કરે તો તે જીવતાને તો પહોંચે જ ને! તો સારું કામ કરો, સેવા કરો, મદદ કરો તો શું નુકશાન? શ્રાદ્ધની આખીયે ક્રિયા પાછળ સેવાભાવના ગૂંથી લીધી છે. બીજાને ઉપયોગી થાવ.

શ્રી કંચનબેન : હા. એ વાત ખરી પણ સેવાભાવના તો ભૂલાઈ જ ગઈ છે!

પૂ. શ્રી : ભૂલાઇ ગઇ છે તો યાદ કરાવીએ. સુધારાને નામે બધું જ ફેંકી દેવાનું એવું થોડું છે? સફાઇ જ્યાં જ્યાં જરૂરી છે ત્યાં જ કરો. ઘર સાફ કરવાનું છે, એમાં બધું જ કંઇ ફેંકવા માંડવાનું એવું થોડું છે? જ્યાં જ્યાં અભાવ છે ત્યાં ત્યાં તે સત્કર્મ કરો.

એમ કહી મુંબઇ બોર્ડીંગનો પોતાનો અનુભવ કહી સંભળાવે છે. ત્યાં વળી એક પ્રશ્ન પૂછાય છે.

પ્રશ્ન : મૃતાત્મા પાછળ જે દાન થાય છે તે દાન માટે તે મૃતાત્મા પ્રેરણા કરે છે?

પૂ. શ્રી : પ્રેરે અથવા તે ન પણ પ્રેરે. પણ આપણા સંકલ્પ બળવાન હોય તો તે પહોંચે ખરું. ઘણી વાર જન્મે પછી પણ પ્રેરણા કરતાં હોય છે. (એમ કહી સરોડાનો સાપ ઉતારનારનો પ્રસંગ પૂ. શ્રી કહે છે) મર્યા પછી જીવ જુદી જુદી રીતે પ્રેરણા કરે ને દોરે.

ત્યાં આવનાર ભાઇ એક પ્રશ્ન પૂછે છે.

પ્રશ્ન : હું દેશમાં કાયાવરોહણ ને મુક્તિધામના દર્શને ગયો, પણ મને કાયાવરોહણમાં વિશેષ શાંતિ મળી. તો એનું શું કારણ?

પૂ. શ્રી : આપણે ત્યાં જુઓને મથુરા અને ગોકુળ, હરિદ્વાર અને ઋષિકેશ, બંનેની શાંતિમાં ઘણો ફેર. દરેક સ્થાનની અલગ પ્રતિભા હોય છે. હરિદ્વારમાં કોલાહલ, પણ ગંગાને કાંઠે થોડી શાંતિ. પણ હરિદ્વાર કરતાં ઋષિકેશમાં વધુ શાંતિ ને એથીયે આગળ દેવપ્રયાગમાં ઘણી શાંતિ. એની પાછળ કુદરતી વાતાવરણ પણ કામ કરતું હોય છે. તે સ્થળમાં સંત કે તપસ્વી કે ઋષિ હોય તો તેની પણ પ્રતિભા કામ કરે છે. તપસ્વીઓના



શાંત, સાત્ત્વિક, પવિત્ર પરમાણુઓ ત્યાં ઉભા થાય. પરિણામે આસપાસ પણ શાંતિ! અને બીજી વાત કે કોને ક્યાં શાંતિ લાગે તે કહેવાય નહીં. દરેકની રસવૃત્તિ, દરેકની ભૂમિકા ઉપર એ બધો આધાર છે. અરે! અહીં કેલીફોર્નિયામાં જ એક એવું સ્થળ બતાવું જ્યાં ખૂબ શાંતિ. શ્રી યોગાનંદનો આશ્રમ છે.

આજે પ્રશ્નોત્તરીમાં એક વાગી ગયો. સૌ વિદાય થયા. આજે મગ, ભાખરી ને બટાકાવડાનું ભોજન લીધું. તે પહેલાં શ્રી ભગવાનજીભાઇએ (૧) સહજાત્મ સ્વરૂપ પરમગુરુ, (૨) પરમગુરુ નિર્ગંથ સર્વજ્ઞદેવ, (૩) આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળ જ્ઞાન રે—આ ત્રણે મંત્રો ઉપર પૂ. શ્રી પાસે સમજ મેળવી. ભોજન બાદ આરામ.

સાંજે ૫:૩૦ થી ૬:૧૫ સુધી સમૂહ ધ્યાનનો કાર્યક્રમ થયો. સમૂહ ધ્યાન પછી અલહામ્બ્રા, જે અહીંથી ૪૫ માઇલ છે, ત્યાં જવાનું થયું. ત્યાં પ્રવચન હતું. તેના આયોજક શ્રી મહેશ શુક્લ, ૯૧૩, ક્લે કોર્ટનો એ વિસ્તાર હતો.

માર્ગમાં શ્રી કંચનબેને પૂ. શ્રીને ત્રણ પ્રશ્નો પૂછ્યા.

૧. સાંજે નિયમ લઇએ કે આટલી વાર ધ્યાનમાં બેસવું છે પણ ત્યારે મહેમાનો આવે તો શું કરવું?

૨. તે સમયે બહાર જ જવાનું હોય તો શું કરવું?

પૂ. શ્રીએ માર્ગદર્શન આપતાં કહ્યું : પતિપત્નીએ વારા-ફરતી બેસવું અથવા રાતે સૂતા પહેલા બેસવું. ને બહાર જવાનું હોય તો માર્ગમાં આપણે આપણું કામ કરી લેવું.

કંચનબેનને પૂ. શ્રીના જવાબથી સંતોષ થઇ ગયો. તેઓ પતિપત્ની નિયમિત ધ્યાનમાં બેસતાં હતાં. પણ કોઇક કારણ-સર અનિયમિતતા આવી ગઇ છે.

આજે પ્રવચનમાં શ્રોતાઓનો એક નવો જ વર્ગ હતો. આજના પ્રવચનમાં પૂ. શ્રીએ રમણમહર્ષિ, વિવેકાનંદજી, ધીરા-ભગતની વાતો કરી. પ્રવચન બાદ થોડી જૂની વાતો થઈ. જેમાં મુંબઈ પૂ. શ્રી પ્રેમકુટિરમાં ઉતરતા ત્યારના જૂનાં સ્મરણો આ પરિવારે યાદ કર્યાં. સૌની વિદાય લઈ સાન્ટાએનાના માર્ગે જવા નીકળ્યા.

માર્ગમાં થોડી વાતો થઈ. જેમાં એ પરિવારના એક બેને સંન્યાસ લેવાની સલાહ માંગી હતી. પૂ. શ્રીએ એમને સુયોગ્ય માર્ગદર્શન આપીને ઘરમાં જ રહેવા સમજાવ્યાં હતાં, તે વાતો થઈ. વળી કંચનબેને ફરી પ્રશ્ન પૂછ્યો કે, 'આપણા મનમાં ઘણી વાર બે ભાગ પડી જાય છે. એક ભાગ એમ કહે કે આ કામ કરવા જેવું છે, બીજો ભાગ કહે, કરવા જેવું નથી. તો એવું કેમ થાય?'

પૂ. શ્રી : મનમાં બે વૃત્તિઓ કામ કરતી હોય છે. જેમાં રસવૃત્તિ વધારે તે તરફ તે લઈ જાય. મનોબળ નબળું હોય તોપણ ઘણીવાર અયોગ્ય વાતો તરફ મન દોરવાઈ જાય. ભૂમિકા પાકી બનતાં એવા દ્વન્દ્વો રહેતાં નથી.

બીજી પણ થોડી વાતો થઈ. જેના અનુસંધાનમાં પૂ. શ્રીએ કહ્યું : 'મેં વિદેશમાં આવીને નિયમ રાખ્યો છે કે પાણીને બદલે દૂધ જ પીવાનું. જેથી ફીશરની જે તકલીફ છે તે ઓછી થાય.

ઉતારા ઉપર આવી પૂ. શ્રીએ મમરા ને દૂધ લીધું. આવતી કાલે સાન ફ્રાન્સીસકો જવાનું છે. તે અંગે નિર્ણય લઈ શકાયો ન હતો. ૫૦૦ માઈલ મોટરમાં જવાનું કે વિમાનમાં? પૂ. શ્રીની ઈચ્છા કુદરતી સૌંદર્ય જોતા જોતા મોટરમાં જવાની હતી. જગદંબાની ઈચ્છાને જાણતાં નક્કી થયું કે ઘરની મોટરમાં નથી



જવું, વિમાનમાં જ ચાલો. જેથી પૂ. શ્રી વિમાનમાં જવાના નિર્ણય પર આવે છે. પછી આરામ.'

હરિઃ ૐ (ક્રમશઃ)

દાનની ભાવનાની સાથે સહજ રીતે સેવાની ભાવના જોડાયેલી હોય તો જ તે દાન સફળ ને સાર્થક લેખાય. દાનની પ્રવૃત્તિ સમાજ માટે ઉપયોગી ને મંગલકારક પણ તો જ ઠરે જો તે અહંકાર અને ઉપકારભાવથી પૂર્ણપણે રહિત હોય. —યોગેશ્વરજી

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**
**મોબાઈલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**

**"સત્યવાન" તથા "ચંદન"**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨

# સર્વેશ્વરી અને હું!

શ્રી જગુભાઈ મિસ્ત્રી, ટોરન્ટો.

આમ તો મોટાભાગના તમે મને ઓળખો જ છો. તમે સૌ પ્રાથમિક સુધી ભણ્યા ત્યાંસુધી તો મને સાથે રાખી પરંતુ ત્યાર બાદ મને તરછોડી દીધી. તે ઉપરાંત પેપર અને પેનનો વધારે ઉપયોગ થવાથી પણ મારી મહત્ત્વતા ઘણી જ ઘટવા પામી છે.

પરંતુ જ્યારથી સર્વેશ્વરીએ મૌન લીધું ત્યારથી મારી જરૂરિયાત અને અગત્યતા ખૂબ જ વધી ગઈ છે. અને મને મારા ધાર્યા કરતાં વધારે માન અને મોભો મળી રહ્યો છે. મને સર્વેશ્વરીએ એવી સરસ રીતે અપનાવી લીધી કે એ મને હંમેશાં સાથે જ રાખે છે. જે જે જીવો આ રીતે સર્વેશ્વરીના સાન્નિધ્યમાં આવી જાય છે તેને એ અપનાવી લે છે. મને અપનાવ્યા બાદ એ એવી સરસ રીતે રાખે છે કે હવે મારે બીજે ક્યાંય નથી જવું અને એની સાથે જ રહેવું છે. તમે બધા ભલે એવું ઇચ્છતા હો કે સર્વેશ્વરી હવે શબ્દોને વાણી આપે તો કેવું સારુ! પણ હું તો એને એવી જ પ્રાર્થના કર્યા કરું છું કે એ મારે માટે કાયમ જ મૌન રાખે! વળી એમ પણ થાય કે એણે મારા ઉદ્ધાર માટે જ મૌન લીધું છે!

આમ તો માપમાં હું ૮'' x ૧૦'' ની જ છું પરંતુ મારા થકી સર્વેશ્વરી એનાં તમામ કાર્યો કરે છે અને હું એના તમામ વિચારોને વહાવવાનું કામ કરું છું. તેથી મારે ચોવીસે કલાક એની સેવામાં હાજર રહેવું પડે છે. એ જેટલા કલાક આરામ કરે એટલો જ આરામ મને પણ મળતો હશે. આટલું સખત કામ કર્યાથી મને થાક પણ ઘણી વાર ખૂબ લાગે અને જીર્ણાવસ્થા પણ જલદી આવે છે. પરંતુ હું બહુરૂપા અને બહુજન્મા હોવાથી અને એના પ્રતાપ અને કૃપાથી નવું સ્વરૂપ લઈને એની સમક્ષ ફરીથી હાજર થઈ જાઉં છું. મારા જૂના સ્વરૂપને ઘણી વાર સર્વેશ્વરી કોઈ સદ્‌ભાગી સાધકને પ્રસાદી તરીકે આપી દે છે. સર્વેશ્વરીના પ્રસાદ તરીકે આવેલી હોવાથી સાધકો પણ મને પવિત્ર ભાવથી જુએ છે, સાચવે છે અને ખૂબ જ માન ને મર્યાદાથી પવિત્ર સ્થાનમાં રાખે છે.



હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી માનું છું કારણ કે સર્વેશ્વરી મને કાયમ એની સાથે જ, અને તે પણ તેના ખોળામાં અથવા હાથમાં જ રાખે છે! જ્યારે એ મોટરકાર અથવા પ્લેનની મુસાફરીમાં હોય ત્યારે પણ હું તેની સાથે જ ફરું છું. એ મને હંમેશાં એની મુલાયમ ગાદી પર જ બેસાડે છે. અને સોફા અને હીંચકા ઉપર તો મારું આસન એના આસનથી પણ ઉંચું જ હોય છે! જાણે મારા વગર એને ચાલતું જ ના હોય!

સર્વેશ્વરી વિચરણ કરતાં હોય ત્યારે મને અચૂક પોતાના જ હાથમાં રાખતાં હોય છે, પણ કોકવાર તે સાથે ચાલતા સાધકને સોંપી દે અને મને ઉપાડવાની સેવા તેને આપવામાં આવે છે. કર્પૂરવનના સંનિધિ પર્વની ઉજવણી વખતે પણ હું સર્વેશ્વરી સાથે જ મંડપમાં જતી અને કર્પૂરવનના જ મા પરિવારમાંના કોઈ સભ્યને મને ઉપાડવાની સેવા આપતાં.

મારા માધ્યમ થકી જ સર્વેશ્વરી તમારી બધી જ આધ્યાત્મિક અને સાંસારિક સમસ્યાઓનું સમાધાન કરે છે અને અગત્યના મુદ્દાઓ સમજાવીને તમારી તમામ શંકાઓનું નિવારણ કરે છે. દરેક શિબિરોમાં પણ કેટલાયે વિષયો ઉપર સર્વેશ્વરીએ તમને કેટલું બધું પીરસ્યું છે!

પ્રણામનો જ દાખલો લ્યોને. પ્રણામ તો એનો અતિ પ્રિય વિષય છે. એટલા ખાતર જ તો અત્યાર સુધીમાં પ્રણામ વિષે એણે કેટકેટલી વાર લખ્યું છે. સર્વેશ્વરી સ્વર્ગારોહણમાં, સત્ય-પથમાં અથવા કેલગીરી શિબિરમાં હોય, પ્રણામ માટે એ જુદી જુદી સમજણ આપ્યા જ કરે છે. અને નિત નવા વિચારો તમારી સમક્ષ રજૂ કરતાં રહે છે. તાજેતરની કેલગીરીની પાંચમી શિબિરમાં પણ સર્વેશ્વરીએ પ્રણામ ઉપર લખ્યું....

**સોમવાર, ૨૧ જૂન ૨૦૦૪**

''રોજ જ પ્રભુને નમો તો પ્રભુને ગમો.''

દરેક મંત્ર સમયે પણ ક્ષમા માંગતાં પ્રણામ કરો. તમે રોજ ત્રણવાર મંત્ર બોલો જ છો.

(૧) તો પહેલા મંત્ર વખતે એવી પ્રાર્થના કરો કે હે પ્રભુ ગઇકાલની જાણે અજાણ્યે થયેલી ભૂલોની ક્ષમા માંગુ છું.

(૨) બીજા મંત્રમાં આજે થનારી ભૂલોની ક્ષમા માંગુ છું.

(૩) ત્રીજા મંત્રમાં આવતીકાલે થનારી ભૂલોની ક્ષમા માગુ છું. તમને થશે કે મા અમે તો ભૂલ જ નથી કરતા, તો શાની ક્ષમા મંગાવો છો? પણ વિસ્મરણ એ મોટામાં મોટી ભૂલ છે. એ સૌ કોઇ સતત કરે જ છે. પ્રભુને કેટલી બધી વાર ભૂલી જઇએ છીએ! તો તે અપરાધ રોજ રોજ થયા જ કરે છે, અને આપણા પાછલા હિસાબની કોને ખબર છે? કઇ કઇ યોનિમાં પ્રભુને ભૂલ્યા તે? રાત્રે સૂતી વખતે પોતે જ પોતાને પૂછવું, આજે મેં કેટલીવાર હરિને અંતરથી યાદ કર્યા? ને કેટકેટલી બીજી નકામી વાતોમાં હરિને ભૂલી ગયા. એટલે ભૂલો તો થયા જ કરે છે. સ્વભાવ થઇ ગયો છે ભૂલો કરવાનો. માટે ક્ષમા માગતા રહો.



હે પ્રભુ! ગયા જન્મોની ભૂલોને ક્ષમા કરો.

હે પ્રભુ! આ જન્મોની ભૂલોને ક્ષમા કરો.

હે પ્રભુ! આવતા જન્મોની ભૂલોને ક્ષમા કરો.

હે પ્રભુ! કેવા કેવા શરીરો મળ્યાં હશે. જેમાં અમે તમને એક પણ પ્રણામ ન કર્યા હશે, તો ક્ષમા કરો.

દરેક પ્રણામ એવું બોલીને પણ થઇ શકે.

એક જન્મની ભૂલોને ક્ષમા કરો....

બીજા જન્મોની ભૂલોને ક્ષમા કરો....

આપણે રસ્તે ચાલનારને પણ થેંક્યુ કહેવા ટેવાયેલા છીએ. તો જેણે આવડું મોટું શકવર્તી માનવ શરીર આપ્યું તેનો આભાર પણ માનવો જ પડે. ધારો કે પ્રભુએ આજ જન્મમાં કીડી બનાવ્યાં હોત તો હોલમાં થોડા સત્સંગમાં બેસી શકાત? ના પ્રણામ કરી શકાત, ના સત્સંગ સાંભળી શકાત. પૂ. શ્રી કહે છે, 'માનવ શરીર એ પાસપોર્ટ છે. જ્યાં જવું હોય ત્યાં જઇ શકાય.—ઉપર કે નીચે.'

આપણને આ શરીર પ્રભુએ પ્રસાદમાં આપ્યું છે. માટે જ પ્રણામ કરો. બેઠા બેઠા પણ કરો. અરે! સૂતા સૂતા પણ કરી શકાય. માનસિક પ્રણામ પણ પ્રભુ તમારા નામે રજિસ્ટરમાં નોંધશે.

તો જુઓને, સર્વેશ્વરીએ પ્રણામ વિષે એક જ બેઠકમાં કેટલું બધું લખી નાંખ્યું! આ સિવાય પણ બીજા ઘણા બધા વિષયો ઉપર પણ એણે શિબિરમાં એટલું બધું લખ્યું કે આ જગ્યા નાની પડે! અને એ મારા પર લખતાં રહે છે!

જ્યારે સર્વેશ્વરી કોઇ મહત્ત્વની વાત સમજાવતાં હોય કે

કોઈ શબ્દ ઉપર ભાર મૂકતાં હોય ત્યારે સર્વેશ્વરી એ શબ્દ અથવા વાક્યની નીચે ખૂબ દાબીને બે ચાર વખત લીટી ખેંચે છે. આથી કોકવાર મને વેદના પણ થાય. પણ એની વાત મહત્ત્વની હોય છે. અને તે પણ તમારા ભલા માટે હોય છે. તેથી મને ઘણો જ સંતોષ થાય છે અને એ દુઃખને હું ગણકારતી નથી.

પણ જ્યારે એ તમારી વાતને સાંભળે તે વખતે એનો કોમળ હાથ મારા ઉપર જ હમેશા ફરતો હોય છે! જાણે મારી સેવાની કદર કરીને મારા ઉપર આશીર્વાદની વર્ષા વરસાવી રહી હોય! મારું કેટલું અહોભાગ્ય!

સર્વેશ્વરીએ ૧૯૯૫ માં મૌન લીધું. ત્યારથી તેની સાથે હોવાથી મને તેમની સાધનાના સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. એમને થતી પ્રેરણાના બધા શબ્દોને મેં ઝીલ્યા છે અને વારંવાર તમારી સમક્ષ રજૂ કર્યા છે. એના જીવનનાં દરેક પાસાને મેં નજીકથી નિહાળ્યાં છે. સમર્પણ, મૌનવ્રત, પ્રણામો, શ્રી યોગેશ્વરપ્રભુ પ્રત્યેનો એમનો પ્રેમ, એમની નિખાલસતા, સરળ સ્વભાવ, એમનો વૈરાગ્ય, પવિત્ર જીવન, આટલા બધા વર્ષોના કપરાં વ્રતો વર્ષોનાં નિર્જળા અને અન્નવિનાના ઉપવાસો અને કપરી તપસ્યા તથા યોગેશ્વરને પામવાને માટે કેટલી બધી તાલાવેલી ને વારંવાર સાક્ષી બનીને જોયાં છે. એમનાં બધા જ ભાવોને પણ મેં જોયા છે. હમેશા તો એ પુલકીત જ હોય છે, તો વળી દુઃખમાં ડૂબેલાને સહજ રમૂજ ધરીને અને હસાવીને જ્ઞાનની ગંગા વહાવતાં વહાવતાં હળવાશ ધરતાં પણ જોયાં છે. આ સમગ્ર જગતમાં એમની તુલના કોની સાથે થઈ શકે? એ તો સૌથી નિરાળાં જ છે. ધન્ય છે તને, ઓ મારી સખી! તારી



પાસેથી દૂર થવાનું કોને મન થાય? સૌને તારા ચરણોમાં કાયમ રાખજે એ જ મારી તને નિત્ય પ્રાર્થના છે.

મારું નામ હવે તો તમે જાણી જ ગયા હશો. હજી પણ ના જણાયું હોય તો કહી દઉં મારું નામ **સ્લેટ** છે.

દાન આપનારે એ વાતનો પણ ખ્યાલ રાખવો જોઈએ કે તેના પરિણામે લેનારનો પ્રમાદ, આળસ કે લોભને તો તેનાથી ઉત્તેજન નથી મળતું ને! તેથી જ ગીતાએ દાન લેનારની પાત્રતા પણ જોવાય—તે જરૂરી છે એમ કહ્યું છે. **—યોગેશ્વરજી**

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩

# વાત્સલ્યમૂર્તિ કરુણામયી 'મા'ના કૃપાપ્રસંગો

હરિશ્ચંદ્ર હ. જાની

આજથી લગભગ અઢી વર્ષ પહેલાં અમે મહાશિવરાત્રીના વ્રત ઉજવવા જતાં હતાં, ગાડી ૩ કલાક મોડી હતી. અમદાવાદ ઉતર્યાં ત્યારે મૂશળધાર વરસાદ હતો. શ્રી અશોક-કુમાર (જમાઇ) લેવા આવેલા, એટલે રીક્ષામાં અમે પાંચ જણ હતાં. ભાડું વધારે ઠરાવી બેઠાં પણ રીક્ષા કાળુપુરના પુલ ઉપર થોડે ગયા પછી અટકી. રવિવાર હોવાથી સાવનિર્જન હતું. ત્યાં ત્રણ ગુંડા સ્કૂટરો સાથે લૂંટવાના ઈરાદે આવ્યા. અમારી પાસે સારું એવું જોખમ (રોકડ) તથા દાગીના પણ હતા. રીક્ષાવાળાને રીક્ષા પાછી પાડવાનો વિચાર આવતાં અમને નીચે ઉતાર્યાં. અમને જોઇ ગુંડાઓ બે મિનિટમાં જ અદૃશ્ય થઇ ગયા. ત્યાં 'પૂ. મા'ની કૃપાથી જ સામેથી બીજી રીક્ષા આવી ગઇ. અમે રીક્ષા બદલી. બંને રીક્ષાવાળા મળીને પુલ ઉતારી ગયા. અમે સહીસલામત પહોંચી ગયાં ને અમારું વ્રત ઉજવણું પણ સારી રીતે પૂર્ણ થયું.

પણ તે દિવસથી ''પૂ. મા પ્રભુ''ને પ્રાર્થના ચાલુ થઇ કે હે કૃપાળુ 'મા' અમારી શ્રદ્ધાભક્તિ વધે એવી કૃપા કરજો!

• • •

આ વખતે સ્વર્ગારોહણમાં જાન્યુ.થી માર્ચ ૨૦૦૫ લગભગ ૩ મહિના એકલો જ રહ્યો. ''પૂ. મા''નો ખૂબ ખૂબ લાભ મળ્યો. પણ એક દિવસે રાત્રે ઝાડાઉલટી થયાં. શરીર ખૂબ અસ્વસ્થ હતું. એવામાં શોભનાબેન (મારી દીકરી) ત્યાં જ



હતાં. તેમણે 'પૂ. મા'પાસે જઇ અમદાવાદ જવાની મંજૂરી મેળવી. તે જ દિવસે રાત્રે અમદાવાદ પહોંચી ગયાં. રવિવાર હતો. શ્રી ગૌત્તમકુમાર (જમાઇ) ઘેર હતા. બીજે દિવસે તેમને (સુરેન્દ્રનગર) બેંકમાં જવાનું હતું. સવારે ૬.૩૦ વાગે નીકળી ગયા ને ૭ વાગે હું પણ શૌચ જઇ બહાર નીકળતો હતો. દરવાજો ખોલ્યો, ને એક પગ બહાર ને એક અંદર ને હાર્ટ-એટેક આવ્યો, પડી ગયો, વોશબેસીન હાથમાં પકડાઇ ગયું. મને ખબર નહિ કે એ એટેક છે. જમણો પગ કામ કરતો નહોતો, બોલવાનું પણ બંધ થઇ ગયું. હાથ છૂટી ગયા, માથું બારણામાં ભટકાવાનું હતું પણ દીકરી શોભનાએ પાછળથી પકડી લીધું.

જો તે એટેક ફક્ત બે જ મિનિટ વહેલો આવ્યો હોત તો સંડાસમાં જ પડી જાત, કોઇને ખબર જ ન પડત કારણ બોલાતું નહોતું. જો તે એટેક પાંચ મિનિટ પછી આવ્યો હોત તોપણ બાથરૂમમાં જઇ અંદરથી બંધ કર્યું હોત, તોપણ કોઇને ખબર ન પડત. ''પૂ. મા પ્રભુ'' ક્ષણે ક્ષણે કેટલી અને કેવી સંભાળ રાખે છે તે અનુભવ્યું.

શોભનાબેનની બૂમોથી આજુબાજુના બધાં ભેગાં થઇ ગયાં. ફોનથી (૨૦) વીસ જ મિનિટમાં ત્રણ ડો. આવી ગયા. હેમરેજની અસર તપાસી (હોસ્પીટલ)માં. હોસ્પીટલના I.C.U.-માં તુરંત દાખલ કરાયો. ને ત્યાં પણ મારા સાઢુભાઇની ઓળખાણથી ડો.ની સારવાર તુરંત મળી ગઇ.

મારો પુત્ર રાજીવ અંબાજી હતો, ફોન કર્યો, 'પૂ. મા'એ તરત જ રવાના કર્યો સાથે પૈસા આપવા કહ્યું, પણ રાજીવે ના પાડી. પણ આ તો 'મા' તેમણે તરત જ ફોન કર્યો. ખબર

પૂછ્યા. 'પૂ. મા' કહે અમારો પગ આપીએ છીએ. સ્વર્ગા-રોહણમાં દોડતા આવજો. ''વ્હાલાં મા''નો કેવો ભાવ! અરે, સ્વર્ગની મા પણ દૂરથી આશિષ આપે, પોતાનું અંગ ન જ આપે, વળી આ તો 'પૂ. મા'ના પ્રાણપ્યારા પ્રભુએ ત્રણ ટુકડા-માંથી અખંડ કરી આપેલો પગ 'પૂ. મા' આપી દે એની સામે હું 'પૂ. મા'ને શું આપી શકું? મારી પાસે તો નથી જ્ઞાન, નથી ભક્તિ, નથી ધ્યાનની શક્તિ, છતાં 'મા'ને રાજી કરવા પુરુષાર્થ કરું છું. 'પૂ. મા'એ આપેલું નવું જીવન સાર્થક કરવા રોજ રોજ 'પૂ. મા'ના કૃપાપ્રસંગો વાગોળી પ્રાર્થના જરૂર કરું છું, બીજું કશું તો આવડતું પણ નથી.

મારી સમજ પ્રમાણે સુખ પણ પ્રભુ આપે ને દુઃખ પણ પ્રભુ આપે. આપણાં પોતાનાં જ કર્મફળને નિવારવા પ્રભુ દુઃખ આપે તો આનંદ માનું છું કે તેના સ્મરણથી હું પ્રભુની નજીક જાઉં છું.

આ ઉપરાંત 'પૂ. મા' માંદગી દરમ્યાન રોજ રોજ એક ફોન કરી ખબર પૂછે, તે હરિદ્વારથી પોતાના વ્યસ્ત કાર્યક્રમમાં પણ અચૂક ખબર કાઢે. ને છેવટે 'પૂ. મા' પરદેશ જતાં પહેલાં પણ આ જીવને રક્ષા કવચ બાંધે છે. સાથે સાથે પોતાનો વરદ હસ્ત પણ શિરે મૂકે છે. ત્યારે તો એવો આનંદ અનુભવું છું કે જાણે ત્રણે ભુવનનું સ્વર્ગસુખ મને મળી ગયું, જેને વર્ણવવા મને શબ્દો જડતા નથી. પરદેશ ગયા પછી પણ બે ત્રણવાર મારા ખબર અંતર પૂછી લીધા આવો 'પૂ. મા'નો પ્રેમ ખૂબ ખૂબ યાદ આવે છે.

હવે મારી પેલી પ્રાર્થનાનો પ્રત્યુત્તર તો મળી જ ગયો કે 'પૂ. મા' મારી ક્ષણે ક્ષણે સંભાળ રાખે છે, એટલે આ જીવને ખૂબ જ નિરાંત છે. છતાં બ્રાહ્મણ સ્વભાવ મુજબ 'પૂ. મા'પાસે માગવાનું



તો હોય જ, એટલે 'પૂ. મા'પાસે હું વર્ષોથી માગું છું. 'પૂ. મા' તમારું સતત સ્મરણ મને આપો. અને તમારી ભક્તિ સિવાય બીજું કંઈ જ ન માગું એવી બુદ્ધિ આપજો. એ સાથે જ 'પૂ. મા' સર્વેશ્વરીના ચરણોમાં કોટિ કોટિ પ્રણામ.

**अब तक तो तुने निभाया है,**
**आगे माँ निभा लेना,**
**ओ माँ मैरी नैया,**
**उस पार लगा देना.**

''તું ચિંતન કર એ ચિંતા કરશે.''

**'પૂ. મા' સર્વેશ્વરી ચરણરજ હરિયાના પ્રણામ.**

## ગુરુપૂર્ણિમા અને ૧૫ ઓગસ્ટની ઉજવણી

પૂ. માનું હાલ વિદેશમાં વિચરણ ચાલી રહ્યું છે, ત્યારે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી ગુરુપૂર્ણિમા તા. ૨૨–૭–૦૫ અને પૂ. ગુરુદેવના જન્મની ઉજવણી તા. ૧૪ અને ૧૫ મી ઓગસ્ટ સ્વર્ગારોહણ અંબાજી ખાતે કરવાનું ઠરાવવામાં આવ્યું છે. તો યોગેશ્વર પરિવારના સર્વ સાધક ભાઈબહેનોને તે ઉજવણીઓમાં જોડાવા હાર્દિક નિમંત્રણ છે.

**– સેવક ટ્રસ્ટી**

# જીવનકલાની કેડીએ

ડૉ. પ્રકાશ ગજ્જર

એક સાધિકાનો પત્ર આવ્યો છે. એનો સાર એવો છે કે 'અધ્યાત્મ'માં આવતાં મારાં લખાણ એમને ગમે છે. જીવનની કળા અને ઉત્સાહ વિષે જે ચિંતવન અપાય છે એ એમને ખૂબ પસંદ પડે છે. પણ હું આધ્યાત્મિક જીવન વિષે કશું જ લખતો નથી. એ વિષે એમણે ફરિયાદ કરી છે!

આ ભૂમિકાએથી વિચારનારાં અન્ય ભાઈબહેનના મનમાં પણ આવી કોઈ ફરિયાદ જાગી હોય એમ સમજી સાઠેક શબ્દો-માં જવાબ આપવા ધારું છું. મારે મન અધ્યાત્મ એ આપણા દૈનિક જીવન કરતાં કોઈ જુદી બાબત નથી. આપણો પસ્તાવો ઘટાડે, ચિન્તાઓમાંથી મુક્ત કરે, વર્તમાનને ઉમદા રીતે જીવવા પ્રેરે, આશાવાદી દૃષ્ટિકોણ કેળવાવે, શરીરને સ્વસ્થ બનાવે, મનને તેજસ્વી અને સમતામય કરી આપે, પોતાની આંતરિક શક્તિઓનો પરિચય કરાવે એવું જીવન કલાચિંતવન પણ અધ્યાત્મનો અંશ જ છે.

ગેટે એક મહાન કવિ થઈ ગયો. એ ચિંતક હતો, નાટ્યકાર હતો અને સહુથી વધારે તો જીવનનો કલાકાર હતો. કળા, સાહિત્ય, સંસ્કૃતિ, અધ્યાત્મ, મનોવિજ્ઞાન, દર્શન ને એવા તો અનેક અગત્યના વિષયો ઉપર એણે પારાવાર લખ્યું છે. જર્મન સાહિત્યમાંથી જો ગેટેને બાકાત કરવામાં આવે તો એની સુગંધના મોટા ભાગથી એ ભાષા વંચિત રહી જાય. એના ચિંતનનો અર્ક આપતી નાનીમોટી રત્નકણિકાઓના જ ચાર મોટા ગ્રંથો જર્મનભાષામાં પ્રકાશિત થયેલા, જે આજે પણ એટલા જ લોકપ્રિય છે. ગુજરાતીને બાદ કરતાં ભાગ્યે જ એવી કોઈ ભાષા હશે જેમાં ગેટેનું સમૃદ્ધ જીવનલક્ષી ચિંતન પ્રકાશિત ના થયું હોય. (વિવેચકો, શું કરો છો તમે?)



આવા ગેટેને એની વિરાટ પ્રતિભા વિષે પૂછવામાં આવતાં એણે જવાબ આપેલો : "મારા જીવનના આરંભમાં હું એક સરાસરી કિશોર હતો. પછી અનેક સંઘર્ષો વચ્ચે મેં મહાન ચિંતકોને વાંચવા માંડ્યા. એમની પાસેથી મને જીવનની ચાવીઓ મળતી ગઈ. હું નવું નવું શીખતો ગયો ને જીવનમાં ઉતારતો ગયો. હું દૃઢપણે માનું છું કે જીવનની કલા કોઈ પણ માણસ શીખી શકે. બસ, એ માટે ઠીક ઠીક નિષ્ઠા જોઈએ."

"સુખસભર અને આનંદમય જીવનના સ્વામી બનવું છે? તો એટલું જાણો કે આપણને સુખ અને આનંદ આપવા માટે જે કાંઈ જરૂરી છે એ પરમાત્માએ એક ખુલ્લી કિતાબની જેમ આપણી સામે નહીં તો આસપાસમાં જ ક્યાંક ગોઠવી રાખેલું છે." આ અવતરણ કોના તરફથી મને ભેટ મળ્યું હતું એ તો યાદ નથી. પણ એના સત્યનો લાભ મેં બરાબર લીધો છે. કિતાબ ખુલ્લી નહીં તો બંધ હશે ને સામે નહીં તો ક્યાંક ખૂણે પડી હશે. પણ એવી કિતાબ જ નહીં, આખું ગ્રંથાલય આપણી ચારે બાજુ છૂપાયેલ છે. આપણું કામ છે એને શોધવાનું.

પણ આપણે તો બુદ્ધિવાળા ને! પહેલી વાત તો એ છે કે એ બુદ્ધિનો ઉપયોગ બીજાને સુધારવા માટે વધારે થાય છે. જવાબ આપી દેવો, સંભળાવી દેવું, ચૂપ કરી દેવું, એ આપણી બુદ્ધિના ધંધા છે. એનો ઉપયોગ પોતાના માટે બહુ ઓછો થાય છે.

કોઈ કહે કે રોજ સવારે જાગીને તરત જ એક પ્યાલો પાણી પીવાથી ખૂબ જ લાભ થાય છે, કે તરત જ આપણી બુદ્ધિ કામે

લાગી જવાની. આવો સાદો ને નિર્દોષ પ્રયોગ શરૂ કરવાને બદલે આપણે ભળતી જ વાતો કરવાના. બુદ્ધિના આટાપાટા જેવી, ગેરમાર્ગે દોરનારી બીજી કોઈ બાબત નથી.

'દ્રવિડી પ્રાણાયામ'નું નામ તમે સાંભળ્યું છે? એના લાભ નહીં હોય એમ મારે નથી કહેવું. પણ સાદા, ઊંડા શ્વાસ લેવા કરતાં આપણને દ્રવિડી પ્રાણાયામ વિષે જ્ઞાન લેવા કોઈ દક્ષિણના ગુરુ પાસે દોડી જવાનું વધારે પસંદ પડતું હોય છે.

લાગે છે કે આપણને લાંબા, ગૂંચવણવાળા અને ગોળાકાર રસ્તે અથડાવાની ટેવ પડી ગઈ છે. વિનોબાજી કહેતા : "સરળતાને આપણે સરળતાપૂર્વક છોડી દઈએ છીએ ને કુટિલતાને કુટિલતાપૂર્વક વળગી રહીએ છીએ." મોટાભાગના લોકો માટે આ એક નિયમ થઈ પડ્યો છે.

મેટર્ન નામના એક જીવનકલાકાર. ભારે સમતાવાળા. એમણે લાંબા જીવનદરમિયાન પોતાના જીવનદર્શનનો સાર કાઢીને આપણા ભલા માટે મૂક્યો છે : "દીવાલ ઉપર અને હૃદયમંદિરમાં સુવર્ણઅક્ષરે કોતરી રાખવા જેવી એક નાનકડી મંત્રમાળામાં તમને રસ છે? તો નોંધી લ્યો : મન હૃદયને ઈર્ષ્યા અને ધિક્કારમાંથી મુક્ત રાખો. સરળ જીવન જીવો. દુનિયા પાસેથી ઝાઝી અપેક્ષાઓ રાખશો નહીં. બને એટલું વધારે વહેંચતા રહો. જીવનને, હૃદયને પ્રેમથી છલકાવતા જાઓ. અજવાળાં રેલાવો. જાતને ભૂલો. બીજા માટે સદ્‌ભાવ પ્રગ-ટાવો." એક અઠવાડિયું આ પ્રયોગ કરો. ને તમે જે ચમત્કાર જોશો એનાથી મુગ્ધ થઈ જશો.

મારી પેલી અતિપ્રિય પુરાતનપોથીમાં લખેલું છે : "તમારા દિલોદિમાગને નવું રૂપ આપો. તમારા આતમમંદિરને નવેસર શણગારો." મારા અનુભવ મુજબ આ તો સાવ સરળ છે.



દિલોદિમાગનું મુખ્ય કામ છે. વિચાર કરવાનું, ભાવનાઓ સેવવાનું. ધર્મશાળાના મુસાફરોના અવિરત પ્રવાહની જેમ વિચારો ને ભાવનાઓની આવનજાવન આપણી અંદર ચાલ્યા જ કરે છે. પણ આપણે પ્રયાસપૂર્વક સારા, સુંદર, આનંદદાયક, રચનાત્મક વિચાર શરૂ કરીએ ને મજા જોઈએ.

એક લોકપ્રિય અંગ્રેજી કાવ્ય હું વારંવાર ગુંજતો હોઉં છું. એનો લય મને ગંગધારા જેવો લાગે છે. સ્થાનાભાવે અને વ્યાવહારિક કારણોને લીધે એનો ખૂબ જ સરળ ભાવાનુવાદ અહીં આપું છું. જો આપણે એને રોજનો પ્રેરણા સંદેશ બનાવી દઈએ તો રંગ રહી જાય.

"હું રોજ એક દિવસને જ નજર સામે રાખીને જીવું. મારો ચહેરો ભલે ભવિષ્ય તરફ હોય. પણ મારી આંખો ને અંતર વર્તમાન પળને ઝીલે અને માણે. વીતેલા સમયનો મારા દિલમાં કોઈ પસ્તાવો ના રહે. સામે હાજર હોય, જેમાં હું જીવી રહ્યો હોઉં એ વર્તમાન ક્ષણને માણવામાં હું સરાબોર રહું."

"મારાં દૂરનાં ને નજીકનાં લક્ષ્યો મારા ખ્યાલમાં રહે. એમને સિદ્ધ કરવા ઉતાવળ કરીને દોડું નહીં ને એમનાથી વિમુખ પણ ના થાઉં. જે વીતી ગયું છે, જે ગુમાવાઈ ગયું છે એનો શોક ના કરું. તો ભવિષ્યે જે આવવાનું છે એનો અવળો વિચાર કરી ન તો અકળાઉં, ન તો ડરપોક બનું."

"આનંદભર્યા હૃદયે હું યૌવનની આરતી ઉતારું અને વાર્ધક્યનું સન્માન કરું. પરમ ઉલ્લાસ અને ઉત્સાહ સાથે હું જીવનયાત્રાનું એક એક ડગ ભરતો જાઉં. ભાવનાઓની ભરતી-ઓટ વચ્ચે પણ હું બને એટલી સમતા અને શુભમાં શ્રદ્ધા રાખી નિરંતર આગળ ધપતો રહું."

"મારે ટેકરીઓ અને ડુંગરા ચઢવાના આવે, ખીણમાં ઊતરવાનું આવે, કેડી ઉબડખાબડ બને કે સાવ અદૃશ્ય થઇ જાય, ધમધમતા રાજમાર્ગ પરની ભારે ભીડમાં અટવાઇ જાઉં, તપેલી રેતવાળા રણમાં ભૂલો પડું કે હરિયાળા મેદાનોમાં મોજથી વિહરવાનું મળે... મારા પ્રત્યેક ડગને હું આનંદે છલકાવતો રહું."

"મારી ભીતરમાં રહેલા શિશુત્વને હું મુરઝાવા ના દઉં. મારી ભોળી લાગણીઓ અને સપનાને હું લીલાંછમ્મ રાખું. નવી મૈત્રીની મીઠાશ, નવા સંબંધોની સુગંધ, નવાં સાહસનાં છોગલાં—એ બધાની મારી શોધ સતત ચાલુ જ રહે. મારા હૈયામાં અવનવી તમન્નાઓ ધબકતી રહે. અને મારી એ અણમૂલ આશા કદી વિલાય નહીં કે જીવનમાં જે નવો વળાંક આવશે એ પણ પરમ આનંદ અને અભ્યુદયથી છલકાતો જ હશે."

કેમ લાગે છે? દુનિયાએ કદાચ તમારા દિલમાં દવ લગાડ્યો હોય, ને જેમને તમે તમારાં માન્યાં હતાં એમણે જ તમને અન્યાય કર્યો હોય, તો પણ તમારા મનના વલોપાત શાન્ત થઇ શકે છે. ઉપરના જેવા સુંદર વિચારો તમારા હૈયામાં ગૂંજતા હોય અને શુભચિંતનની ગુલછડીઓ છોગલાં કાઢીને મહેંકતી હોય તો તમારા જીવન ઉપર પડેલી કાળી છાયાઓની તાકાત છે કે એ તમને પરેશાન કરી શકે?

○



### પૂજ્ય યોગેશ્વરજીદ્વારા

# તુલસીકૃત રામાયણનું રસદર્શન

(ગતાંકથી આગળ) **સંકલન : નિર્ભયરામ કા. વૈષ્ણવ**

કોઇની કલ્પના પણ ન પહોંચે તેવી વંદના તુલસીદાસજીએ મંગલાચરણ પછી દુર્જનોની કરીને સૌને આશ્ચર્યમાં ડૂબાડ્યા છે.

દુર્જનને વંદન કરું ખરા ભાવથી હું,
કારણવિના અહિત કરે જે હિત કરતાનું.

પછી થોડા દૃષ્ટાંતો પણ આપ્યા છે.

ઉદય એમનો સર્વના હિતનો નાશ કરે,
કુંભકર્ણ જેવા સૂવે તો કલ્યાણ ખરે.
નાશ કરીને કૃષિ તણો હિમ પણ પામે નાશ,
તેમ તજે તન અન્યનું બગાડવાને ખાસ.
શેષનાગ જેવા ગણી વંદુ એ ખલને,
અન્ય દોષને વર્ણવે જે હજાર વદને.
કરી અરજ મેં એમને સુણશે પણ ના એ,
પાળો પ્રેમે કાગ પણ માંસ નહીં તજશે.

તુલસીદાસજી સંત—અસંતનો સૂક્ષ્મભેદ દર્શાવતાં કહે છે :

ચરણે સંત અસંતના વંદું છું પ્રેમે,
બંને દુઃખપ્રદ તોય છે ભેદ સૂક્ષ્મ કેમે?
સંત પડે જો અલગ તો હરી પ્રાણને લે,
દુર્જનને મળતાં જ એ અતિ દારુણ દુઃખ દે.
ભલો ભલાઇને ગ્રહે નીચ નીચતાને,
અમી અમરતા અર્પતું, વિષ તો મૃત્યુને.

આ બધાના સર્જક કોણ? તો કહે છે :

ભલાબૂરાની સૃષ્ટિ છે બ્રહ્માએ સરજી,
વેદે ગુણ ને દોષ પણ રાખ્યા અલગ કરી.
દેશકાળ વૈરાગ્ય ને રાગ, નરક ને સ્વર્ગ,
વિવિધ યોનિનાં બંધનો ઉત્તમ ને અપવર્ગ.

આગળ તુલસીદાસજીનો દોહો જોઈએ :

જડ ચેતન ગુન દોષમય બિલ્વ કીન્હ કરનાર,
સંત હંસ ગુન ગહહી પય પરિહરિ બારિ બિકાર.

પૂજ્ય યોગેશ્વરજી તેનો કેટલો સરળ અનુવાદ આપે છે.

વિભાગ ગુણ–દોષોતણા વેદોએ જ કર્યા,
ડગલે પગલે સૃષ્ટિમાં ભેદ અસંખ્ય ભર્યાં.
જડચેતન ગુણદોષમય વિભુએ વિશ્વ કર્યું,
સંત–હંસ જળ ત્યાગતા દૂધગ્રહે ગુણનું.

તુલસીદાસજી કહે છે :

કિએ હું કુબેષુ સાધુ સનમાનુ, જિમિ જગ જામવંત–હનુમાનૂ,
હાનિ કુસંગ સુસંગતિ લાહૂ, લોક હું બેદ બિદિત સબ કાહૂ.

તેનો અનુવાદ જોઈએ :

જાંબવાન હનુમાન સમાન, સજ્જન પામે છે સન્માન,
સુંદર વેશ ભલે ના હોય, આદર આપે છે સૌ કોય.

સંગ કરવો તો કહો કોનો કરવો? તે માટે કહ્યું :

ગગન ચડે રજ પવન પ્રસંગ, પામી તે નામાનો સંગ,
ભળે કાદવે ધારી રંગ, પ્રભાવ સંગતણો બળવંત.
રામને રટે પોપટ મેના, સજ્જન પ્રભુજનના ઘરના,
ગણી ગણીને ગાળો દેતા, પંખી તે દુર્જન ઘરમાં.



ધૂમ્ર કુસંગે કાળો થાય, અળતા સંગે પણ પલટાય,
લખે સુલેખ બની શાહી, શંકા એમાં ના કાંઈ.
એ જ ધૂમ્ર વાદળ બનતાં, અગ્નિ, વાયુ, પાણી મળતાં,
જીવન બને જગત કેરું, જોયું દૃશ્ય અમે એવું.
ગ્રહ ઔષધ પાણી પવન વસ્ત્ર કુસંગ સુસંગ,
પામી બને શુભાશુભ, પ્રબળ સંગનો રંગ.

દુર્જનો અંગે ઠીક ઠીક લંબાણથી થયેલી વંદના પછી આપણે પોતે શું છીએ તેની સ્પષ્ટતાનો આરંભ નીચેના દોહાથી થયો છે.

જડ ચેતન જગ જીવ જત સકલ રામમય જાનિ,
બંદઉ સબકે પદ કમલ સદા જોરિ જુગ પાનિ.
દેવદનુજ નર નાગ ખગ પ્રેત પિતર ગંધર્વ,
બંદઉ કિંનર રજનિચર કૃપા કરહુ અબ સર્વ.

આ બંને દોહાને ગુરુજીએ નીચે મુજબ વર્ણવ્યા છે.

જડચેતન સૌ જીવને ગણી રામમય હું,
જોડી બંને હાથને પ્રેમે પ્રણામ કરું.
દાનવ દેવ મનુષ્ય ને નાગ પિતૃ ગંધર્વ,
વિહંગ પ્રેત વનસ્પતિ યક્ષ તથા કિન્નર.
નિશાચરોને સર્વને વંદુ પ્રેમ કરી,
સર્વે કૃપા કરો હવે, વંદુ ફરી ફરી.

નીચેની ચોપાઈનું ગાન સર્વત્ર ખૂબ પ્રેમથી થાય છે.

આકર ચારિ લાખ ચૌરાસી, જાતિ જીવ જલથલનભ બાસી,
સીય રામમય સબ જગ જાની, કરઉં પ્રનામ જોરિ જુગ પાની.

ગુરુજીએ તેને નીચેની કંડિકામાં કડીબદ્ધ કરેલ છે.

યોનિ ચાર ચોરાસી લાખ, એમાં જીવ કરે છે વાસ,
જળ પૃથ્વીને વ્યોમ મહીં, જીવે છે જે જીવ રહી;

સીય રામમય જાણી જગને, કરું પ્રણામ જોડતાં કરને,
ગણી મને પોતાનો દાસ, કૃપા કરો છળ છોડી ખાસ;
નથી બુદ્ધિબળનો વિશ્વાસ, તેથી કરું કૃપાની આશ.

તુલસીદાસજી પોતાને અલ્પમતિ સમજી વિશાળ સાગરશી રામકથા વર્ણવવાના મનોરથ સેવે છે, તે અંગે ગુરુજીએ કહેલ ભાવ સમજીએ :

રઘુપતિગુણ મારે ગાવા, ઈચ્છું લેવાને લ્હાવા,
બુદ્ધિ કિન્તુ છે અતિશય અલ્પ, કહી રહ્યો છોડીને દર્પ.
રામકથા છે ખૂબ અગાધ, થાય સફળ કેમ કરી સાધ,
મનમતિ રંક મનોરથરાજ, કરી શકું કેમ કરી કાજ.
અમૃતનો અભિલાષ કરું, બિંદુ તકનું નથી મળ્યું,
ધૃષ્ટતા કરો મારી માફ, સજ્જન દયા કરીને આજ.
શિશુના શબ્દો સ્નેહ કરી, સુણે સજ્જનો ધ્યાન દઈ,
એવી આશ સદા રાખું, ચરિત રામ કેરું ભાખું.

પોતાની કાલીઘેલી વાતને માતા–પિતા જેમ પોતાના બાળકની તોતડી બોલી હોવા છતાં પ્રેમથી સાંભળે છે તેમ આ કથા કહી કોણ આનંદીત થાય છે તે અંગે વર્ણન કરે છે.

સરિતાસર બીજાના જળે પુષ્ટિ પામે જોર કરે,
ચંદ્રકળાનું દર્શન કરી સમુદ્ર હરખે ને ઊછળે;
ઉન્નતિ પોતાની પામી પ્રસન્ન બનતા સૌ કોઈ,
ઉન્નતિ બીજાની જોઈ હરખે પણ કોઈ કોઈ.

તુલસીદાસજીએ પોતાની રામકથા કેવી છે તેની કરેલી સ્પષ્ટતાવાળી વાણી પણ સાંભળી લઈએ.

ભાષાની રચના છે આતો, મતિ ભોળી ખૂબ જ મારી,
હાસ્યાસ્પદ છે તેથી દોષ નથી હસવામાં કૈં ભારી.



સજ્જન તો આ રામકથાને ભક્તિથી ભૂષિત જાણી,
પ્રશંસા કરીને સાંભળશે બોલીને મધુમય વાણી.
કવિ નથી હું કાવ્યશાસ્ત્રમાં કુશળતા નથી કૈં મારી,
રચના શબ્દોની ના જાણું, વિદ્યા કળારહિત ન્યારી.
અક્ષર અર્થ અલંકારો ને રચના છંદોની સારી,
અનેકવિધ ભાવો ને રસ છે કવિના સાધારણ ન્યારી.
ગુણદોષ કહ્યાં કૈં કવિતાના વિદ્વાનોએ શાસ્ત્રમહીં,
કોરા કાગળપર લખી દઉં એનું જ્ઞાન જરાય નથી,
કરવા બેઠો કવિતા કિન્તુ કવિના કૌશલ લેશ નથી.
રચના મારી ગુણરહિત, વિશ્વવિહિત ગુણ એક,
સુણશે એમ વિચારતાં જ્ઞાની નિર્મળ નેક.

આમ છતાં તેઓ સંતોષ દર્શાવતાં કથાનું આંતરતત્ત્વ ઉઘાડતા કહે છે :

એમાં રઘુપતિ નામ ઉદાર, અતિ પાવન પુરાણશ્રુતિ સાર,
મંગલભવન અમંગલહારી, ઉમાસંગ જપતા ત્રિપુરારી.

• • •

સર્વપ્રકારે શણગારેલી હોય ચંદ્રવદની નારી,
વસ્ત્રવિના અધૂરી જ રહે સુંદરતા એની ન્યારી.
ઉત્તમ કવિની કવિતા એમ અતિસુંદર કે અદ્‌ભુત હોય,
રામનામથી વંચિત હોય શોભે ના વખણાયે તોય.
શિવશરીરનો સંગ પામતા ભસ્મ પવિત્ર સુશોભિત થાય,
તેમ રામગુણવાળી કવિતા સુખ ધરશે સૌનેય સદાય.

પોતાની આત્મ પરિતૃપ્તિ અર્થે તુલસીદાસજીએ રચેલી આ ગુણાનુવાદ રચનાના સંદર્ભે કરેલી કેટલીક ઉક્તિઓ જોઈએ.

રામભક્તનો સ્વાંગ સજીને જનતાને ઠગતા ફરતા,
કામક્રોધ ને દાસ લોભના ધતિંગ ધર્મતણાં કરતાં,
મારા, મેં અતિ અલ્પ અવગુણો અવગુણસાગર છતાં કહ્યાં,
કથા સાંભળી દોષ નહીં દે કોઇ મુજને કરી દયા.
શેષ શારદા શિવ તથા બ્રહ્મા વેદપુરાણ,
નેતિ શબ્દથી એમના ગુણનું ગાયે ગાન.

(ક્રમશઃ)

સંસારમાં પરમાત્મા એકજને જીવનના સારરૂપ ને જીવનના પરમ પ્રાપ્તવ્ય ને આધારરૂપ માનવા તે જ ટૂંકમાં સાચી ધાર્મિક સમજ છે.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૮૨૪૭૦૪૦૯૭

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧



# આદર્શ દૃષ્ટાંતમાળા

**સ્વ. પંડિત શિવપ્રસાદ દલપતરામ**

## હજરત અલી સાહેબની ક્ષમા અને ઉદારતા

મહાત્મા અલી સાહેબ જ્યારે મુસલમાનોના ખલીફા હતા, ત્યારે એક દિવસે નમાજ પઢીને તેઓ ધર્મોપદેશ આપતા હતા. તે વખતે એક આરબે તેમને પુષ્કળ ગાળો દીધી અને કહ્યું કે, ‘‘તારે આ ખલીફનું પદ છોડી દેવું જોઈએ.’’ હજરત અલી હજરત મહમદ સાહેબના પ્રિય જમાઈ થતા હતા, એટલે એમનું આ પ્રમાણે અપમાન થયેલું જોઈને એમના ભક્તોને ઘણું લાગી આવ્યું અને તેઓ એ આરબ ઉપર ઘણા ઉશ્કેરાઇ ગયા. ઉપદેશ પૂરો થયા પછી મહાત્મા અલી જરા પણ ગુસ્સે ન થતાં ગળગળા સ્વરે બોલ્યા : ‘‘એ માણસને પૂછી જુઓ કે, એને કોઇ પ્રિય સંબંધીનો વિયોગ થયો છે, માથે દેવું થયું છે કે પેટ ભરીને ખાવાનું નથી મળ્યું?’’ પૂછી જોવાથી જણાયું કે, એને માથે ઘણું દેવું થયું છે અને એ કરજ પતાવી નહિ શકાયાથી શાહુકારે તેને કેદ કર્યો હતો. મહાત્મા અલીએ પોતાને ઘેરથી રૂપિયા મંગાવીને તેનું કરજ ચૂકવી દીધું. ત્યારથી એ માણસ આખી જિંદગી સુધી એમનો ઓશિંગણ અને પરમ ભક્ત તથા શિષ્ય બનીને રહ્યો. મહાત્મા અલીએ એ વખતે કહ્યું હતું કે, ‘‘સાધારણ પ્રજા જ્યારે કોઇ મોટા માણસનું, તેના દરજ્જાનો ખ્યાલ ભૂલી જઇને અપમાન કરવા તૈયાર થાય, ત્યારે સમજવું જોઇએ કે, એના હૃદયમાં કોઇ ઊંડી વેદના છે અને તે વેદના

મટાડવાનો ઉપાય કરવો જોઇએ. એ વખતે એના ઉપર ગુસ્સે થવાથી આગેવાન તરીકેના આપણા ધર્મનું પાલન થતું નથી.''

બધા દેશમાં અને બધા સમયમાં, કુટુંબમાં, જમીનદારીમાં, કચેરીમાં, કારખાનાંઓમાં કે રાજ્યમાં ઊંચા દરજ્જાના અમલદારોએ આ ઉપદેશ ધ્યાનમાં રાખવો ઘટે છે.

**બ્રાહ્મણનું મુખ્ય લક્ષણ ક્ષમા—વિશ્વામિત્ર અને વસિષ્ઠ**

વિશ્વામિત્ર ઋષિએ ઘણા દિવસ તપસ્યા કરીને બ્રાહ્મણ બન્યા પછી વસિષ્ઠ મુનિની પાસે જઇને નમસ્કાર કર્યા. તેમણે ''જય હો'' કહીને આશીર્વાદ આપ્યો; એટલે વિશ્વામિત્ર બ્રહ્માની પાસે જઇને કહેવા લાગ્યા : ''મહારાજ! આપે તો મને બ્રાહ્મણ બનાવ્યો; પરંતુ વસિષ્ઠે મને બ્રાહ્મણ ગણીને નમસ્કાર કર્યા નહિ.'' બ્રહ્મા બોલ્યા : ''તું તપોબળથી બ્રાહ્મણ બન્યો છે; એટલે વસિષ્ઠ જરૂર તને માન આપશે.'' વિશ્વામિત્રે ફરીથી જઇને નમસ્કાર કર્યા; એટલે આ વખતે પણ વસિષ્ઠે ''જય હો'' એવો આશીર્વાદ આપ્યો. વિશ્વામિત્રે ફરીથી બ્રહ્માની પાસે જઇને ફરિયાદ કરી, ત્યારે તેમણે કહ્યું કે, ''જા, એક વાર ફરીથી એમની પાસે જા અને આ વખતે તને એ બ્રાહ્મણ ગણીને સામા નમસ્કાર નહિ કરે, તો વસિષ્ઠના મસ્તક ઉપર વજ્રનો ઘા પડશે.'' આ વખતે વિશ્વામિત્ર વસિષ્ઠની પાસે ગયા, પરંતુ એમના મનમાં વિચાર આવ્યો કે, પહેલાંની માફક કદાચ વસિષ્ઠજી નમસ્કાર નહિ કરે, તો બ્રહ્માના કહ્યા પ્રમાણે એમના ઉપર વજ્રનો ઘા થશે અને એથી મને નાહક બ્રહ્મહત્યાનું પાપ લાગશે. એવું વિચારીને એ વસિષ્ઠને નમસ્કાર કર્યા વગર જ પાછા ફર્યા. એમને પાછા ફરતા જોઇને વસિષ્ઠ બોલી ઊઠ્યા : ''હે બ્રાહ્મણ! અહીંયાં આવો! આવો! નમસ્કાર!'' વિશ્વામિત્રે



આશ્ચર્ય પામી જઇને પૂછ્યું : ''મહારાજ! હું બબ્બે વાર આપની પાસે આવીને નમસ્કાર કરી ગયો, ત્યારે તો આપે મને વળતા નમસ્કાર કર્યા નહિ અને હવે મને પાછો બોલાવીને નમસ્કાર કરો છો, તેનું શું કારણ?'' વસિષ્ઠે ઉત્તર આપ્યો : ''બ્રાહ્મણનો મોટામાં મોટો ગુણ ક્ષમા છે, તે તમારામાં હમણાં આવ્યો છે. હવે તમે ખરેખરા બ્રાહ્મણ બન્યા છો; એટલે મેં આપને ખાસ બોલાવીને નમસ્કાર કર્યા.''

• • •

***ભગવાનને ભજવાનું ઘડપણમાં તો મોટા સુલતાનથી પણ નથી બની શકતું.***

આપણામાં કહેવત છે કે, 'સુખે સાંભરે સોની અને દુઃખે સાંભરે રામ.' સુખવૈભવ અને ઉન્નતિના સમયમાં મનુષ્યને પરલોકના વિચાર ભાગ્યે જ આવે છે. પાપકર્મનો પશ્ચાત્તાપ ક્વચિત જ થાય છે અને ઈશ્વરની આ આખી સૃષ્ટિ તેઓના મોજશોખના કોડ પૂરા પાડવા સારુ જ રચાઇ હોય એમ તેઓ માને છે. એથી ઊલટું સંસ્કારીજનો મોટામાં મોટા અધિકાર પ્રાપ્ત થયા છતાં પણ પરમાત્મા અને જનસમાજ પ્રત્યેનું કર્તવ્ય વીસરતા નથી. તેઓ પોતાના દોષોનું બારીકીથી અવલોકન કરે છે અને તેને માટે પશ્ચાત્તાપ કરે છે.

ગુજરાતનો સુલતાન મહમદ બેગડો એવા મનુષ્યોમાંનો એક હતો. તેના વખતમાં ગુજરાતની રૈયત ઘણી સુખી હતી. એમ કહેવાય છે કે, પોતાની જિંદગીના ઉતરતા ભાગમાં સુલતાન મહમદ ઘણો વખત પરમેશ્વરની સ્તુતિ અને ધ્યાનમાં ગાળતો અને ઘણી વાર અશ્રુપાત કરતો. એક દિવસ મલિક સારંગ ઉર્ફે કિવામઉલ્—મુલ્ક, જેણે અમદાવાદ શહેરની બહાર સારંગપુર વસાવ્યું છે, તેણે કહ્યું કે, ''સુલતાનને આટલો બધો

વૈભવ અને બાદશાહી પ્રાપ્ત થયેલી છતાં અશ્રુપાત કરી રુદન કરવાનું શું કારણ છે?'' સુલતાને કહ્યું : ''અરે મૂઢ! હું તને શું કહું? મારા મુરબ્બી હજરત શાહઆલમ કહેતા હતા કે, મહમદ આખરે જ્ઞાની થશે. હું ગમે તેટલો પ્રયાસ કરું છું; તોપણ એ યોગ્યતા મારામાં નથી આવતી. મારી જિંદગી દિનપ્રતિદિન ઓછી થતી જાય છે અને દિલમાં દિલગીરી રહે છે. અફસોસ કે, જ્યારે શક્તિ હતી ત્યારે ઈશ્વરને ઓળખવા ઇચ્છ્યું નહિ, તેથી ઓળખી શક્યો નહિ અને હવે ઘડપણમાં ઇચ્છા થઇ, ત્યારે ઓળખવાની શક્તિ ન રહી, તેથી ઓળખી શકતો નથી.''

ત્યાર પછી તેણે એ આત્મગ્લાનિ દૂર કરવાને સારુ પોતાના સમયના મહાજ્ઞાની પ્રસિદ્ધ શેખ સિરાજુદ્દિનનો સમાગમ કર્યો અને તેમના શિક્ષણ અને આશીર્વાદથી તેની ઉદાસી અને દિલગીરી જતી રહી. (મિરાત–ઇ–સિકંદરી)

## નારદજીની દૂધની વાડકી

એક દિવસ મહર્ષિ નારદે જગન્માતા અન્નપૂર્ણાદેવીની પાસે જઇને પૂછ્યું : ''મા! મારા કરતાં વધારે મોટો ભક્ત તમારે બીજો કોઇ છે?'' અન્નપૂર્ણાએ ઉત્તર આપ્યો ''નારદ! તું રાતદિવસ ભજન ગાતો ગાતો ફર્યા કરે છે અને બીજી કોઇ જાતની ચિંતા રાખતો નથી; માટે તું પણ મારો એક મુખ્ય ભક્ત છે.'' નારદે કુતૂહલ પામીને પૂછ્યું : ''મા! મારા જેવા તમારે બીજા ભક્તો છે તે ક્યાં રહે છે?'' દેવીએ કહ્યું : 'અમુક ગામમાં અમુક ગૃહસ્થ રહે છે તે મારો ભક્ત છે,' નારદ ત્યાં પહોંચ્યા અને છાનામાના તે ગૃહસ્થની બધી દિનચર્યા કેટલાએ દિવસ સુધી બારીકાઇથી જોઇ. પાછા ફરીને તેમણે દેવીને કહ્યું, : ''મા! એ માણસ બીજા ગૃહસ્થાશ્રમીઓના પ્રમાણમાં ખરાબ નથી, પણ એને કાંઇ ભક્ત



ન કહેવાય. ઘરસંસારનું કામકાજ તો બધાને કરવું પડે છે, પણ એ તો એમાં રચ્યોપચ્યો રહે છે. ઘરને અંદરથી તથા બહારથી સાફ રાખવું, ઘરના નોકરચાકરોને પણ કુટુંબના માણસ પેઠે ખાવાનું મળે છે કે નહિ તેની ફિકર રાખવી, મદદ માગવા આવનારને યથાશક્તિ મદદ આપવી, આડોશીપાડોશીના ટંટા મટાડવા, ગાય, ભેંસ વગેરે ઢોરને સાચવવાં, અતિથિસત્કારમાં નિમગ્ન રહેવું, ગામના લોકો સાથે મળીને તળાવ તથા વાવ ખોદાવવાં, ઘાટ તૂટી ગયા હોય તો એની મરામત કરાવવી, ગરીબ લોકોને કામે લગાડવા, નિશાળના છોકરાઓને મદદ કરવી અને બધા વર્ણના માણસો સાથે ભાઇચારો રાખવામાં એનો બધો વખત ચાલ્યો જાય છે; પણ તમારું ભજન કરવાનું તો નામ જ નહિ! સૂઇ જતી વખતે પણ એને એ જ ફિકર રહે છે કે, આજે અમુક કામ મારાથી બરાબર ન થયું, ફલાણા કામમાં બે પૈસા વધારે ખરચાયા, વગેરે. એની જંજાળ જોઇને તો માજી! મને હસવું આવ્યું. એ તો પૂર્ણ સંસારી છે, માટીની એકાદ કૂલડી ફૂટી જાય છે તોપણ એને લાગણી થઇ આવે છે; ફક્ત સવારના પહોરમાં ઊઠતાંવાર એક વાર 'મા!' શબ્દ બોલીને તમારું સ્મરણ કરે છે. બસ, એથી વધારે લેવાદેવા એને તમારી સાથે કાંઇ નથી.''

દેવી હસતે ચહેરે બોલ્યાં : ''બેટા નારદ! તું ઘણે દૂરથી આવ્યો છે, જરા પાસેના ઓરડામાં દૂધનો વાડકો પડ્યો છે, તે લઇ આવીને મારી સામે બેસીને પી જા; પછી નિરાંતે આપણે બધી વાતચીત કરીશું.'' માતાજીએ આટલો બધો આદર કર્યાથી નારદ મલકાતા મલકાતા પાસેના ઓરડામાં ગયા અને હાથ ધોઇને ઘણી કાળજીપૂર્વક એ દૂધનો વાડકો ઉપાડ્યો. રખે દૂધ ઢોળાઇ જાય, એ બીકથી પુષ્કળ કાળજીપૂર્વક ધીમે ધીમે પગ

ઉપાડતા ઉપાડતા એ માતાની પાસે પહોંચ્યા અને તેમની સામે બેસીને પરમ આનંદપૂર્વક એ સ્વાદિષ્ટ દૂધ ગટગટાવી ગયા. ત્યાર પછી વાડકો માંજીને સાફ કરી ઠેકાણાસર મૂકી આવીને પોતે માજીની સંમુખ આવીને બેઠા અને તેમની સ્નેહપૂર્ણ દૃષ્ટિથી પરમ શાંતિ અને આનંદ ભોગવવા લાગ્યા. દેવીએ સ્મિતવદને પૂછ્યું : ''નારદ! દૂધ લાવતી વખતે તેં મને કેટલી વાર સંભારી હતી?'' નારદ બોલ્યા : ''મા! રખે આપનો પ્રસાદ છલકાઈ જાય, એ બીકથી મારું બધું ધ્યાન વાડકીના કાના ઉપર હતું. બીજી કોઈ બાબતનો વિચાર જ મને નહોતો આવ્યો.'' દેવીએ કહ્યું : ''નારદ! તું મારું ભજન કરતો કરતો આડોઅવળો ચાલીને દૂધ ઢોળતો ઢોળતો આવ્યો હોત, તો તે સારું દેખાત કે?'' નારદે કહ્યું : ''માજી! એવું કામ તે મારાથી કેમ થાય? એટલા બધા ભક્તિહીન થવું એ શું મારે માટે સંભવિત હતું? એવું કરું તો મારા જેવો અકૃતજ્ઞ અને પાપી બીજો કોણ ગણાત?'' દેવીએ કહ્યું : ''નારદ! પેલો ગૃહસ્થ પણ ઘરસંસારની બધી વસ્તુને મારો પ્રસાદ જ ગણે છે, મારા ઉપર ધ્યાન રાખીને મારી પૂજા કરી રહ્યો છે, એ જ ભાવથી સંસારનાં બધાં કામકાજ એ કરે છે. દૂધ છલકાઈ જતાં તારા મનમાં જેવી લાગણી થાત, એવી જ લાગણી એને વ્યવહારમાં નજીવું કામ બગડતાં પણ થાય છે; કેમ કે એ બધું કામ મારે ખાતર છે, એમ એ માને છે. હું એનું કામ અને એના મનના સઘળા વિચાર બારીકીથી નીરખી રહી છું, એ વાતનો તને સારી પેઠે અનુભવ છે. તું જેવી રીતે મારા સામે આનંદપૂર્ણ દૃષ્ટિ રાખીને દૂધ પી ગયો, તેવી રીતે એ પણ મને સર્વદા સ્પષ્ટ રીતે પોતાની સંમુખ દેખીને માતાની પાસે બાળક માફી માગે તેમ કોઈ નજીવી ભૂલ પણ થઈ જાય તો કહે છે કે, ''મા! મારી અસાવધાનતાને લીધે આ કૂલડી તૂટી ગઈ છે, મને માફ કરો.''



## દૃઢ ભક્તિ અને વિશ્વાસ—મણિકર્ણિકાનું સ્નાન

પાર્વતીએ મહાદેવને પૂછ્યું કે, ''સ્વામીનાથ! આજ કાશીમાં ગ્રહણને દિવસે જે લાખો સ્ત્રીપુરુષો મણિકર્ણિકાના ઘાટ ઉપર સ્નાન કરી રહ્યાં છે, તે સર્વનો શું ઉદ્ધાર થશે?'' મહાદેવે ઉત્તર આપ્યો : ''મનમાં ભક્તિ અને વિશ્વાસ ન હોય ત્યાંસુધી સ્નાન કર્યાથી કેવળ શરીર જ સાફ થાય છે, બીજું કાંઈ ફળ મળતું નથી. ચાલો, આપણે જોઈએ કે, એમાંનાં કેટલાંનામાં ખરી ભક્તિ અને વિશ્વાસ છે.'' મહાદેવની સલાહ મુજબ સતી પાર્વતી બ્રાહ્મણ-પત્નીરૂપે ઘાટ આગળ જઈને બેઠાં અને સદાશિવ એક શબનું રૂપ ધરીને પાસે જ ભોંય ઉપર પડ્યા રહ્યા. પાર્વતી કહેવા લાગ્યાં : ''તમારામાંથી જે કોઈ નિષ્પાપ હોય, તે કૃપા કરીને એક વાર મારા પતિના શબને સ્પર્શ કરો. દેવોની એવી આજ્ઞા છે કે, એવા મનુષ્યના સ્પર્શથી એ જીવતા થશે; પરંતુ નિષ્પાપ નહિ હોવા છતાં જો કોઈ એમને સ્પર્શ કરશે, તો તેનું મૃત્યુ થશે.'' શબને સ્પર્શ કરવાની કોઈની હિંમત ચાલી નહિ. એક ચાંડાળ સ્નાન કરીને આવી રહ્યો હતો. પાર્વતીના કરુણ સ્વરથી તેનું હૃદય પીગળી ગયું. તેણે કહ્યું : ''મા! હું અતિ હીનજાતિનો અને ઘણો પાપી છું; પણ હમણાં જ મણિકર્ણિકામાં સ્નાન કરીને આવીશ; એટલે દેવાધિદેવ મહાદેવના વરદાનથી અવશ્ય હું તરત જ નિષ્પાપ થઈ જઈશ. ઊભાં રહો, હું એક ડૂબકી મારીને હમણાં આવું છું.'' ચાંડાળે સ્નાન કરી આવીને નિર્ભયપણે શબને સ્પર્શ કર્યો; એટલે બ્રાહ્મણવેષધારી શિવજી ઊભા થયા અને બોલ્યા : ''આટલા બધા લોકોમાંથી ફક્ત આ એક જ જણે સાચું સ્નાન કર્યું છે.''

○

# મારા રોમરોમમાં

મારા રોમરોમમાં બંસી તે કોકની વાગે છે!
મારી સૂતેલી ચેતના જાગે છે:
કે રોમરોમમાં બંસી તે કોકની વાગે છે!

જાણે વ્રજની કોઈક કુંજ લાગે છે,
એ તો જમનાને તીરથી જાગે છે:
કે રોમરોમાં બંસી તે કોકની વાગે છે!

મારી ઈન્દ્રિયની ગાવડી નાચે છે,
મારી વૃત્તિનાં પંખી ગાયે છે,
મારા રોમરોમમાં બંસી તે કોકની વાગે છે!

મારું અંગઅંગ અમૃતમાં ન્હાયે છે:
એનો આનંદરસ શો ભારે છે,
મારા રોમરોમમાં બંસી તે કોકની વાગે છે!



# મારા ગુરુ

**મૂળ લેખક : સ્વામી રામ**
**અનુ. : કુંદનિકાબેન કાપડીઆ**

[સ્વામી રામ—ભારત અને વિદેશોમાં ઠીક ઠીક જાણીતા છે. તેઓએ અંગ્રેજીમાં કેટલાંક પુસ્તકો પણ લખ્યાં છે, જેમાં તેઓ-શ્રીના જીવનની અદ્‌ભુત ચમત્કારિક ઘટનાઓનો ઉલ્લેખ છે. આવા પુસ્તકોમાંનું એક ખૂબ જાણીતું પુસ્તક છે `Living with the Himalayan Masters' તેનું સંકલન સ્વામી અજયે કર્યું છે. તેનો ગુજરાતી અનુવાદ શ્રી કુંદનિકાબેન કાપડીઆએ ખૂબ કુશળતા અને સફળતાપૂર્વક કર્યો છે. અને એનું નામ છે ‘હિમાલયના સિદ્ધયોગી.’

આ પુસ્તકમાં ઘણી બધી અદ્‌ભુત ઘટનાઓનો ઉલ્લેખ છે તેમાં એક સમર્થ સદ્‌ગુરુ શ્રી રામને કેવી રીતે પ્રાપ્ત થયા તેની વાત તેઓએ ગ્રંથના પ્રારંભમાં જ લખી છે તે ખરે જ, આશ્ચર્ય પમાડે તેવી છે. આજના વિજ્ઞાનયુગમાં આવી વાતોમાં તર્કપ્રધાન માનવોને વિશ્વાસ ના બેસે છતાં જે હકીકત છે, તેને કેમ કરી અવગણી શકાય! —તંત્રી]

મારા પિતા સંસ્કૃતના એક પ્રસિદ્ધ વિદ્વાન અને અત્યંત આધ્યાત્મિક પુરુષ હતા. તેમના ગામમાં મુખ્યત્વે બ્રાહ્મણો રહેતા અને તેઓ મારા પિતા પાસે સલાહ લેવા તેમ જ અભ્યાસ કરવા આવતા. મારાં માબાપ સાધારણ શ્રીમંત હતાં, તેમની જમીનદારી હતી અને તેઓ ઉદાર હતાં. એક વાર મારા પિતા ક્યાંક ચાલ્યા ગયા અને છ મહિના સુધી કોઈને ખબર ન પડી કે તે ક્યાં છે. કુટુંબે તો માની લીધું કે તેમણે સંન્યાસ લીધો હશે

અથવા તો મૃત્યુ પામ્યા હશે. ખરેખર તો સાધનામાં કોઈક મુશ્કેલી ઊભી થવાને લીધે તેઓ દીર્ઘ એકાંતવાસમાં ચાલ્યા ગયેલા. હરદ્વારની નજીક મનસાદેવીના જંગલમાં તેઓ ઊંડા ધ્યાનમાં ઊતરી ગયા હતા. મારા ગુરુ એક વાર ત્યાંથી પસાર થતા હતા. એક સાંજે મારા પિતા હતા તે સ્થળે તે આવી પહોંચ્યા. તેમને જોતાંવેંત મારા પિતાને જણાઈ ગયું કે આ જ મારા ગુરુદેવ છે. ઘણી વાર ગુરુ–શિષ્ય વચ્ચે આવા આકસ્મિક સંપર્ક વખતે બે હૃદય આપમેળે જ, પહેલી દૃષ્ટિએ જ ખૂલી જતાં હોય છે, અને પછી તેમની વચ્ચે વાણી કે ચેષ્ટા વગરનો સંવાદ શરૂ થાય છે.

મારા ગુરુએ ત્યાં એક અઠવાડિયું રોકાઈ મારા પિતાને માર્ગદર્શન આપ્યું અને છેલ્લે તેમને ઘેર પાછા ફરવાની સૂચના કરી. અમારું ઘર ઉત્તર પ્રદેશના પહાડોમાં ૫૫૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું હતું. મારી માતાએ તો પિતાના પાછા ફરવાની આશા છોડી દીધી હતી અને ઉગ્ર તપસ્યા કરવા માંડી હતી. પિતાએ ઘેર પહોંચીને તેમને બધી વાત કરી અને કહ્યું કે તેમને સાઠ વર્ષ અને મારી માતાને ૪૩ વર્ષ થયાં હોવા છતાં, ગુરુએ કહેલું કે તેમને ત્યાં પુત્ર જન્મશે અને તે પણ એમના જ માર્ગે જશે.

બે વર્ષ પછી હિમાલયમાંથી ઉતરી આવી, મારા ગુરુએ મારા પિતાના ઘરની મુલાકાત લીધી. તેમણે મારા પિતાને કહ્યું : 'હું તારી પાસેથી એક વસ્તુ માગું છું.'

પિતાએ કહ્યું : 'મારું જે કાંઇ છે તે બધું તમારું જ છે.'

ગુરુએ કહ્યું : 'મારે તારો પુત્ર જોઈએ છે.'

મારાં માબાપે કહ્યું : 'આ ઉંમરે અમને પુત્ર થાય એ



ચમત્કાર જ લાગે છે. પણ ધારો કે પુત્ર જન્મે, તો એ તમારો.'

આ મેળાપ પછી ૧૮ મહિને મારો જન્મ થયો.

મારો જન્મ થયો તે જ દિવસે મારા ગુરુ ઘેર આવ્યા ને મારી મા પાસે બાળક માગ્યું. સદ્ય માતા બનેલી સ્ત્રી પોતાના બાળકને આપી દેવા કેમ તૈયાર થાય? પણ મારા પિતાએ તેને એમ કરવા કહ્યું. મારા ગુરુએ થોડો વખત મને પોતાના હાથમાં રાખ્યો, પછી પાછો સોંપતાં કહ્યું : 'એનું ધ્યાન રાખજો. હું પછી ફરી આવીશ અને ત્યારે એને લઈ જઈશ.'

ત્રણ વર્ષ પછી મારા ગુરુ આવ્યા. મારા જમણા કાનમાં મંત્ર ફૂંકીને દીક્ષા આપી. મેં એમને કહ્યું કે આ મંત્ર હું જાણું છું અને આખો વખત હું એ રટ્યા કરું છું. તેમણે કહ્યું : 'મને ખબર છે.' નાના બાળક તરીકે મને મારાં માબાપનું મુદ્દલે ખેંચાણ નહોતું. હું મારા ગુરુને આખો વખત યાદ કરતો અને સતત તેઓ હાજર છે તેવું અનુભવતો. હું એમના વિશે જ એટલો બધો વિચાર કરતો કે ક્યારેક મારાં માબાપ મને પરાયાં લાગતાં. મને હંમેશાં થતું : 'હું કાંઈ આ જગ્યાનો નથી, આ લોકોનો નથી.' મારી મા વારે ઘડીએ મારો જમણો કાન જોયા કરતી. એ કાનમાં જન્મથી જ એક કાણું હતું. મારા જન્મ પહેલાંથી ગુરુએ એની નિશાની આપી રાખી હતી. મા કોઈ વાર રડતી ને કહેતી : 'એક દિવસ તું અમને છોડીને જતો રહેવાનો છે.' મને માબાપ માટે પ્રેમ હતો, છતાં ખરેખર તો હું એ દિવસની વાટ જોયા કરતો હતો. એવડી નાની ઉંમરે પણ મને યાદ હતું કે મારી જિંદગીનો હેતુ મારા આગલા જન્મના અધૂરા કાર્યને પૂર્ણ કરવાનો છે. બાળક અવસ્થામાં મને મારા પૂર્વજન્મની વિગતો સ્પષ્ટપણે યાદ હતી.

રોજ રાતે હું ઊંઘમાંથી જાગી જતો, કારણ કે મારા ગુરુ મને સપનામાં વારંવાર દેખાતા. મારાં માબાપને આથી ચિંતા ને મૂંઝવણ થઈ. મને શું તકલીફ છે તે જાણવા તેમણે ઘણા પુરોહિતો, ડોક્ટરો, જ્યોતિષીઓને પૂછ્યું પણ મારા ગુરુએ કોઈની મારફતે સંદેશો મોકલ્યો કે ચિંતા કરતાં નહિ, એનામાં કોઈ પ્રકારનો વાંધો નથી.

થોડાં વરસ પછી મારાં માબાપ મૃત્યુ પામ્યાં અને હું મારા ગુરુ પાસે ગયો. તેમણે મને કેળવવા માંડ્યો. જો કે એમને એ અઘરું પડતું હતું.

મારા સાંસારિક પિતા પ્રત્યે મને સહેજે આસક્તિ નહોતી, તેથી 'પિતા' શબ્દ બોલવાનું મારે રહ્યું નહિ તેનો મને ખેદ નહોતો. એક પિતા તેના સંતાનને આપી શકે તેના કરતાં મારા ગુરુએ મને ઘણું વધારે આપ્યું હતું.

મારા મગજમાં કોઈ પણ વિચાર આવતો, તે એ જાણી જતા. ધ્યાન નથી કરવું—એવો વિચાર મને આવતો કે તેઓ મારી સામે જોતા ને સ્મિત કરતા.

હું પૂછતો : 'કેમ હસો છો?'

તે કહેતા : 'તારી ધ્યાન કરવાની ઈચ્છા નથી ને?'

આ બાબતે મને મદદ કરી. મને નિશ્ચિત જાણ રહેતી કે તેઓ મને માત્ર વાણી અને કર્મની બાબતમાં જ માર્ગદર્શન નથી આપતા. મારા વિચારો અને લાગણીઓને પણ વ્યવસ્થિત કરે છે. અયોગ્ય બાબતો વિશે વિચારતાં હું ડરતો. જ્યારે મને થતું કે હું કાંઈક ખરાબ કહેવાય તેવું વિચારું છું, ત્યારે પણ તેઓ મને ચાહતા જ. તેમણે કદી મારા વિચાર પર અંકુશ મૂક્યો નહોતો, માત્ર હળવી રીતે તે મને મારી વિચારપ્રક્રિયા



પ્રત્યે સભાન કરતા.

ગુરુ શિષ્યને હંમેશાં ચાહતા હોય છે. શિષ્ય ભલે ને ગમે તેટલો ખરાબ હોય, સાચા ગુરુ તેને કદી તિરસ્કારી કાઢતા નથી, ઊલટાના મૃદુ રીતે મદદ કરે છે, સુધારે છે. માતા અને પિતા શું આપી શકે, તે હું જાણતો નહોતો, પણ મારા ગુરુએ મને બધું જ આપ્યું હતું અને બદલામાં કશાની અપેક્ષા રાખી નહોતી. મારી પાસે આપવા જેવું કાંઈ હતું પણ નહિ. તેમના માટે મને અગાધ પ્રેમ છે. તેમણે મારે માટે બધું જ કર્યું છે અને આજ સુધી હું તેમને માટે કશું જ નથી કરી શક્યો. સિદ્ધને કશાની જરૂર જ નથી હોતી. સાચા આધ્યાત્મિક ગુરુઓ એવા જ હોય છે. તેઓ લેતા કશું નથી, આપે છે બધું જ.

મારા ગુરુ સાથે કેટલોક વખત રહ્યા પછી હું મારા ગુરુ-ભાઈ પાસે ગંગોત્રી રહેવા ગયો. તેણે મને શાસ્ત્રાભ્યાસ કરાવવાનું શરૂ કર્યું. તેને મારે માટે પ્રેમ હતો, પણ તે મારો વિદ્રોહી સ્વભાવ સમજી શકતા નહિ, કે બીજા સાધુઓ સાથે હું આખો વખત દલીલ કર્યા કરતો તે માફ કરી શકતા નહિ. મારા વર્તાવ વિશે તે ગુરુને સંદેશો પાઠવતા. ગુરુ આવીને થોડો વખત મને લઈ જતા અને વળી તેની પાસે પાછો મોકલતા.

સંન્યાસીઓમાં પોતાના ભૂતકાળ વિશે ચર્ચા ન કરવાની પ્રથા છે, પણ મેં મારા ગુરુને તેમના જન્મસ્થળ વગેરે વિશે વારંવાર પૂછ્યા કરેલું. લગાતાર વિનવણી કર્યા પછી તેમણે થોડીક વાતો કરેલી. તેઓ પશ્ચિમ બંગાળના એક બ્રાહ્મણ માબાપનું એકમાત્ર સંતાન હતા. તેમના કુટુંબના સભ્યોએ હિમાલયમાંથી અવારનવાર આવતા એક સાધુ પાસે દીક્ષા લીધી હતી. એ જ સિદ્ધ મહાત્માએ મારા ગુરુને પણ અપ-

નાવ્યા હતા. મારા ગુરુએ મને આ વાત કરી ત્યારે તેમની ઉંમર ૮૦ વર્ષની હતી.

તેમના બોલવામાં બંગાળી ઉચ્ચારોનો લહેકો છે. મારા ગુરુ તેમની આ માતૃભાષાનો ઉપયોગ કરતા નહોતા, પણ ક્યારેક બંગાળી ગીતો જરૂર ગાતા. તેઓ સંસ્કૃતના વિદ્વાન છે અને અંગ્રેજી તથા બીજી કેટલીક ભાષાઓ જાણે છે. તેઓ એક ગુફામાં રહે છે. સવારે ફક્ત એક વાર, સૂર્યોદય વખતે તે ગુફાની બહાર નીકળે છે અને એકાદ કલાક પછી પાછા પોતાના આસન પર ચાલ્યા જાય છે. આસન પરથી દિવસમાં માત્ર બે વાર ઊઠે છે. ક્યારેક તે ગુફાની બહાર આંટા મારે છે. પણ ઘણી વાર તો દિવસોના દિવસોસુધી તે બહાર આવતા નથી. તેમની સાથે ત્રણથી પાંચ જેટલા, સાધનામાં આગળ વધેલા શિષ્યો બધો વખત રહે છે. શિયાળાના ત્રણ મહિના તે બધા સાતઆઠ હજાર ફૂટની ઊંચાઇ પર ઊતરી આવે છે. ક્યારેક તે નેપાળ જાય છે અને નામચાબજારથી સાત માઇલ દૂરના સ્થળે થોડા મહિના રહે છે.

મારા ગુરુ મોટે ભાગે બકરીનું દૂધ પીએ છે. કોઈક વાર નાનકડી કાળી શ્યામા ગાયનું દૂધ પીએ છે. એ પાળેલી ગાયની દેખભાળ ત્યાંના શિષ્યો કરે છે. અવારનવાર હું મારા ગુરુને અડધું પાણી અને અડધું બકરીનું દૂધ મેળવીને આપતો. એ જ તેમનો એકમાત્ર આહાર હતો.

મારા ગુરુ સહજ સમાધિમાં રહે છે અને બહુ જ ઓછું બોલે છે. એક વાર અમે નવ મહિના સાથે રહેલા અને તે દરમ્યાન અમે ભાગ્યે જ કશી વાત કરેલી. મોટાભાગનો સમય અમે બંધ આંખે ધ્યાનમાં બેસી રહેતા. તે તેમનું કામ કરતા અને હું મારું



કામ કરતો. અમારી વચ્ચે સમજણ હતી, તેથી મૌખિક સંવાદ જરૂરી ન હતો. સમજ ન સ્થપાઇ હોય ત્યારે વાત કહેવા માટે બોલવું પડે છે, પણ ભાષા એ સંવાદનું નિર્બળ માધ્યમ છે. અમારી વચ્ચે ઊંડા સ્તર પર સંવાદ હતો, એટલે વાત કરવાની જરૂર રહેતી નહિ. મારા મૂર્ખ પ્રશ્નોનો તેઓ સ્મિતવડે ઉત્તર આપતા. વાતો તે ઓછી કરતા, પણ મારા વિકાસ માટે વાતાવરણ રચી આપતા. કેટલાક લોકો મારા ગુરુને બંગાળી બાબા કહે છે. કેટલાક માત્ર બાબાજી તરીકે ઓળખે છે. મારો તેમના માટેનો પ્રેમ એક શાશ્વત નિયમ જેવો છે. તેમનાં કાર્યો, વાણી તથા મૌનદ્વારા તેઓ મને જે શીખવતા તે બધું જ દિવ્ય પ્રેમથી ભરેલું હતું. તેમની મહાનતાને પામવા મારા શબ્દો અપૂરતા છે. હું દૃઢપણે માનું છું કે તેઓ અમર જ્ઞાન ધરાવતા યોગી છે અને હિમાલયના એક અતિ મહાન સિદ્ધ છે. તેમના જીવનનો હેતુ જેઓ તૈયાર હોય તેમને જ્ઞાન આપવાનો અને જેઓ હજુ તૈયાર થઇ રહ્યા હોય તેમને પ્રેમ, રક્ષણ ને માર્ગદર્શન આપવાનો છે. જે કોઇ પોતાની મુશ્કેલીમાં તેમને યાદ કરે તેને સહાય મળે છે. મારા ને બીજાઓના કિસ્સામાં આ ઘણી વાર બનેલું મેં જોયું છે.

મારાં ભરચક રોકાણોમાંથી જ્યારે પણ મને સમય મળે ત્યારે તેમની પાસે જવાની મને તીવ્ર ઇચ્છા થાય છે, કારણ કે માત્ર તેઓ જ મારા માર્ગદર્શક છે. સંપૂર્ણ ભક્તિ ને આદર સાથે હું તેમને, જ્યાં હોઉં ત્યાંથી પ્રણામ પાઠવું છું. હું ભૂલો કરું તો તે મારી છે, પણ મારા જીવનમાં જે કાંઇ સારું હોય, તે તેમની પાસેથી આવે છે.

# આપણે તો આવું નથી કરતાને!

કાકા કાલેલકર

શરીર નશ્વર છે. તે યથાકાળે પડવાનું જ. પણ આપણા સમાજની પામરતા જોઈ દુઃખ થાય છે. સાધુસંતોએ ઉપદેશેલા માર્ગે ચાલનારા ઓછા છે, પણ સાધુના ચરણનો સ્પર્શ કરી, તેનો અવાજ કાનમાં ભરી લઈ, તેના પ્રસાદના બેચાર ટુકડા ખાઈ જઈ, તેના નામનો જયઘોષ કરી, 'પાવન' થવા માગનાર કૃપણ લોભીઓની સંખ્યા જ વધારે છે. અનાયાસે (વગર પુરુષાર્થે) કેટલું મળી શકે તેમ છે, એ તરફ જ એમની દૃષ્ટિ હોય છે. શાક વેચનારી પાસેથી બે સીંગ વધારે કઢાવવાની વૃત્તિ અને આવી રીતે સહેજે મોક્ષ મેળવવાની વૃત્તિમાં કશો ફરક નથી.

### શીખવા જેવી વાત

સાધુસંતો પાસેથી આપણે આશ્વાસન મેળવીએ, સાધનાનો રસ્તો જાણી લઈએ, તેમના સહવાસથી વાસનાપર જય મેળવવાની શક્તિ કેળવીએ, પોતાની કૃપણતા છોડી ધર્મવીર થઈએ એવો આશીર્વાદ માગીએ, નહિ કે અનાયાસે ઐહિક કે પારલૌકિક સુખોપભોગ તેમની મારફતે મેળવવાની આશા રાખીએ.

પરમહંસદેવના ૩૬ શિષ્યો હતા, એમ કહેવાય છે દરેકને તેમણે જુદી જુદી રીતે કેળવેલા. કોઈને જ્ઞાનમાર્ગ બતાવ્યો, તો કોઈને ભક્તિમાર્ગ. એક શિષ્યને તેઓ ખાસ ઉપદેશ આપતા હોય એ વખતે બીજાઓને ત્યાં હાજર રહેવાની રજા આપતા નહિ. એક જણ સાથે અધ્યાત્મરામાયણ વાંચતા હતા, ત્યાં



રાખાલબાબુ (સ્વામી બ્રહ્માનંદ) આવી ચઢ્યા. પરમહંસદેવે કહ્યું, 'આ તારા માટે નથી. તું અહીંથી જતો રહે...'ઈશ્વરને ઓળખો, ને ઈશ્વરને પ્રાપ્ત કરો એટલું જ તેઓ કહેતા. પોતાના જીવનથી તેમણે આ યુગનો યુગધર્મ ચોક્કસ રીતે આપણને બતાવ્યો છે.

દરેક વ્યક્તિમાં ઈશ્વરી તત્ત્વ તો હોય છે જ. જ્યાં જ્યાં આ ઈશ્વરી તત્ત્વ વધારે સ્ફુટ થતું હોય—વિભૂતિમત, શ્રીમત્ ઉર્જિત હોય, ત્યાં ત્યાં અવતારની કલ્પના કરવી તે કાંઈ ખોટું નથી. જેણે પોતાનો ઉદ્ધાર કર્યો છે એટલું જ નહિ પણ જે બીજાનો ઉદ્ધાર કરવા સમર્થ છે, તે ચોક્કસ ઈશ્વરનો અવતાર છે. એમાં શક નથી.

○

આત્માનો સાક્ષાત્કાર કરવો એ જ આપણા જીવનનું અંતિમ લક્ષ્ય છે, યાદ રહે કે એ વાતનું આપણને વિસ્મરણ ના થવું જોઈએ.

—યોગેશ્વરજી

ચિત્તમાં ઉભા થતા કામ, ક્રોધ, નિર્બળતા કે પ્રેમ—આ બધા જુદાજુદા ભાવ પૂર્વના સંસ્કારોમાંથી પ્રગટ થાય છે અને આત્માના ખરા સ્વરૂપને ઢાંકી દે છે. એથી જ્યાં સુધી ચિત્તમાં આ સંસ્કારોનો એક પણ તરંગ રહી ગયો હોય ત્યાં સુધી આત્માના ખરા સ્વરૂપનું દર્શન થઈ શકે જ નહી.

—યોગદર્શન

# શ્રીમા શારદામણિદેવીનો જન્મ—પરિવાર

ડૉ. અરુણિકા મનોજ દરૂ

પ્રત્યેક મહાપુરુષની મહત્તા પાછળ કોઈ ને કોઈ સ્વરૂપે સ્ત્રીનો ફાળો રહેલો હોય છે. પછી તે તેમની માતા, પત્ની કે ભગિની કેમ ન હોય. શિવાજી હોય કે ગાંધીજી. ટાગોર હોય કે શ્રીરામકૃષ્ણ ઠાકુર હોય, સ્ત્રીનો તેમના જીવનઘડતરમાં કે તેમના જીવનવિકાસમાં ઘણો મહત્ત્વનો ફાળો રહેલો હોય છે. પરમહંસ શ્રીરામકૃષ્ણદેવની જગપ્રસિદ્ધ કીર્તિ પાછળ તેમના લીલા સહધર્મિણી શ્રી મા શારદામણિદેવીનો અદ્‌ભુત ત્યાગ, અનન્યનિષ્ઠા અને પરમ પુરુષાર્થનો વિરલ સહયોગ રહ્યો છે.

શ્રીરામકૃષ્ણના દૈવીકાર્યને સાકાર કરવા માટે દિવ્યશક્તિ સ્વરૂપે શ્રીમાએ અવતાર લીધો. શ્રીપરમહંસ પોતે જ તેમને માટે કહેતા કે એ શારદા છે, સરસ્વતી છે. જ્ઞાન દેવા માટે આવી છે. એ મારી શક્તિ છે. સંસાર પર માતાના પરમ વાત્સલ્યની વર્ષા કરવા માટે જ એમણે જાણે માનવદેહ ધારણ કર્યો હતો. એમણે જગત સમક્ષ માતા, દેવી અને ગુરુનો આદર્શ પ્રગટ કર્યો, ભારતીય નારીત્વનો આદર્શ પૂરો પાડ્યો. એવા મહાન સ્ત્રીરૂપધારિણી દૈવીશક્તિ સમા શ્રીમા શારદામણિદેવીના જીવનપર દૃષ્ટિપાત કરવાનો અહીં નમ્ર પ્રયાસ છે.

શ્રીઉમાશંકર જોષીએ વિશ્વશાંતિ નામે તેમના એક કાવ્યમાં કહ્યું છે : "યુગે યુગે પયગંબર જાગે, ભાંગે જગશૃંખલા." તે રીતે સમાજમાં અધર્મ કે અન્યાયનો અત્યાચાર થાય ત્યારે તેને દૂર કરવા, કોઈ ને કોઈ સ્વરૂપે કોઈ મહાનુભાવ પૃથ્વીપર પ્રગટ થાય જ છે, નવો યુગધર્મ સ્થાપવા કોઈ મહાન આત્મા



અવતરિત થાય ત્યારે તે સાથે શક્તિને લઈને જ અવતરે છે. એ શક્તિ માર્ગ ભૂલેલી માનવજાતને પછી ઉન્નતિને માર્ગે દોરી જતી પથપ્રદર્શિકા બની રહે છે. શ્રીરામકૃષ્ણદેવની સાથે એ રીતે શ્રીમા શારદામણિદેવીનાં નામ અને કામ જોડાયેલાં છે.

શ્રીરામકૃષ્ણનું જન્મસ્થાન બંગાલનું કામારપુકુર. ત્યાંથી પશ્ચિમ તરફ લગભગ ત્રણ માઈલ દૂર બાંકુડા જિલ્લાનું જયરામવાટી ગામ. ચોમેર વાડીઓ અને બગીચા હોવાથી જયરામવાટીનું કુદરતી સૌંદર્ય ખૂબ. આમોદર નદી અને ગામની વચ્ચેનો અર્ધા માઈલનો પટ ખૂબ ફળદ્રૂપ. ગ્રામજનોના ઘરવપરાશની ઘણી વસ્તુઓ, ડાંગર, કઠોળ, મરચાં, શાકભાજી ત્યાં ઉત્પન્ન થાય. અગાઉ ત્યાં કપાસની વાવણી પણ થતી અને તળાવોમાં પુષ્કળ માછલાં મળતાં. માતાજીના આવિર્ભાવ પહેલાં આટલી બધી સમૃદ્ધિ જયરામવાટીમાં ન હતી. તોપણ જીવનની જરૂરિયાતો લગભગ મળી રહેતી. માતાજીના પિતૃવંશના મુખોપાધ્યાયો આ ગામના મૂળ રહેવાસીઓ. અત્યારે કલકત્તાથી જયરામવાટી અને કામારપુકુરનો પાકો રસ્તો થઈ ગયો છે, તે ત્યારે ન હતો, એટલે જયરામવાટી અને કલકત્તા વચ્ચે બહુ અંતર ન હોવા છતાં કલકત્તા જવા—આવવાની ખૂબ મુશ્કેલી પડતી. રસ્તો દુર્ગમ હતો અને રસ્તામાં ધાડપાડુની બીક રહેતી. મોટાભાગના લોકો પગે ચાલીને જતા. શ્રીમંતો પાલખીનો ઉપયોગ કરતા, વરસમાં ઘણા તહેવારો ત્યાં ધામધૂમથી ઉજવાતા.

શ્રીમા શારદામણિદેવીને જન્મ આપીને જયરામવાટી આજે તો આ યુગનું શ્રેષ્ઠ શક્તિપીઠ બની ગયું છે. અવરજવરની સગવડ, રામકૃષ્ણ મઠ અને મિશનના કેન્દ્રની સ્થાપના તથા તજ્જન્ય સેવાકાર્યો કારણે આજે તો તે ગામની ઘણી ઉન્નતિ થઈ છે.

શ્રીમાના પિતા રામચંદ્ર મુખોપાધ્યાય પોતાની ઈષ્ટનિષ્ઠા, સદાચાર, લોકસેવા વગેરે સદ્‌ગુણોને કારણે ગ્રામવાસીઓની શ્રદ્ધાને પાત્ર હતા, તેમની માતા શિહડનિવાસી હરિપ્રસાદ મજમુદારની પુત્રી શ્યામાસુંદરી. તેઓ પણ સરળ, પવિત્ર અને ધર્મનિષ્ઠ હતાં. આવા ભક્તદંપતીના ઘેર શ્રીમાનો જન્મ થયો. માતા દયાળુ, પિતા રામભક્ત અને નિષ્ઠાવાળા, બીજા કોઈ વર્ણનું દાન નહીં લે. ઘર પાસેથી આવતાજતા લોકોને બોલાવીને બેસાડતા અને હુક્કો પાતા. રામચંદ્રને ત્રણ નાના ભાઈઓ, ત્રૈલોક્યનાથ, ઈશ્વરચંદ્ર અને નીલમાધવ. તેમની સાથે જ રહેતા. ખેતી અને પૂજારી તરીકેની ટૂંકી આવકમાં જીવનવ્યવહાર માંડ માંડ ચાલતો, તોપણ પિતા રામચંદ્ર છૂટે હાથે દાન કરતા. નીલમાધવ અપરિણીત રહ્યા હતા. જીવનના છેલ્લાં વર્ષો તેમણે શ્રી મા શારદામણિદેવી સાથે ગાળ્યાં હતાં.

શ્રી મા શારદાદેવીના જન્મ પૂર્વે એક અદ્‌ભુત ઘટના બની. એકવાર શ્યામાસુંદરી પોતાને પિયર હતાં ત્યારે તેમને ઝાડાની બીમારી થઈ આવી. એક રાત્રે અંધારામાં શૌચ જતાં તેઓ ભૂલાં પડ્યાં એટલે કુંભારની ભઠ્ઠી પાસે એક બીલીના ઝાડ નીચે બેસી ગયાં. તે વખતે ભઠ્ઠીની બાજુમાંથી અંધારી રાત્રે રૂમઝુમ કરતી એક નાનકડી બાલિકા બિલ્વવૃક્ષ ઉપરથી ઊતરી આવી ને તેમને ગળે બાઝી પડી. શ્યામાસુંદરી બેભાન થઈને ઢળી પડ્યાં. સગાંઓ થોડીવારે તેમને શોધીને ઘરે લઈ ગયાં. ભાનમાં આવ્યાં ત્યારે એવો અનુભવ થયો કે આ નાનકડી બાલિકા એમના ગર્ભમાં પ્રવેશી છે. બીજી તરફ શ્રીમાના પિતાને કલકત્તામાં બપોરે સ્વપ્નમાં એક સુંદર બાલિકા દેખાઈ. તેણે કહ્યું : ‘‘આ હું તમારી પાસે આવી.’’ કહી ગળે બાઝી



પડી, પતિ—પત્નીએ પરસ્પરને સ્વાનુભવની વાત કરી. ભક્તિ-પરાયણ દંપતીને લાગ્યું કે કોઈ દેવશિશુનું પ્રાગટ્ય થવાનું છે.

સને ૧૮૫૩ માં ડિસેમ્બર માસની ૨૨મી તારીખ અને ગુરુવારે રાત્રે શ્રીમાનો જન્મ થયો. જન્મકુંડળી કઢાવી નામ પાડ્યું. ઠાકુરમણિદેવી. બીજું નામ પાડ્યું ક્ષેમંકરી. પણ તેમના માસીબાની દીકરી જેનું નામ શારદા હતું તેના મૃત્યુ પછી શ્રીમાનો જન્મ થયેલો એટલે માસીબાના આગ્રહથી નામ રાખ્યું શારદા. શ્રીમાએ ઉત્કૃષ્ટ જીવન જીવીને કાળક્રમે આ ત્રણે નામ સાર્થક કરી બતાવ્યાં.

શારદાદેવી માતાપિતાનાં પ્રથમ સંતાન હતાં. તેમના પછી યથાક્રમે કાદમ્બિની નામે પુત્રી અને પ્રસન્નકુમાર, ઉમેશચંદ્ર, કાલીકુમાર, વરદાપ્રસાદ અને અભયાચરણ નામે પાંચ પુત્રો થયા. ભાઈ ઉમેશનું નાની વયે મૃત્યુ થયેલું અને અભયાચરણ દાક્તરીનું ભણ્યા પછી, દીકરી રાધારાણીના જન્મ પછી મૃત્યુ પામ્યા. કાદમ્બિની નાની વયે નિઃસંતાન મૃત્યુ પામ્યાં હતાં.

પ્રસન્નકુમાર પ્રથમ પત્નીના મૃત્યુ પછી બીજીવાર પરણેલા. પહેલી પત્નીથી નલિની અને સુશીલા બે પુત્રી થઈ. બીજી-વારની પત્ની સુહાસિનીદેવીથી કમળા ને વિમળા બે પુત્રી થઈ. કાલીકુમારને પત્ની સુબોધબાળાદેવીથી બે પુત્રો ભૂદેવ ને રાધારમણ. વરદાપ્રસાદને પત્ની ઈન્દુમતીથી બે દીકરાઓ ક્ષુદીરામ અને વિજયકૃષ્ણ. અભયાચરણના મૃત્યુ પછી તેમના પત્ની સુરબાળાદેવીનું મગજ ઠેકાણે ન હોવાથી, બધા તેને પાગલીમામી કહેતા. તેની પુત્રી રાધારાણીને શ્રીમા રાધુ ને રાધી કહેતાં.

પ્રસન્નકુમાર ઘણુંખરું કલકત્તામાં રહેતા અને ગોરપદું કરીને

સારો પૈસો કમાતા. કાલીકુમાર ખૂબ ક્રોધી. તેઓ જયરામ-વાટીમાં જ રહેતા, ગોરપદું કરતા. વરદાપ્રસાદ જયરામવાટીમાં રહી કુટુંબની સંભાળ રાખતા.

માતાપિતાના ગરીબ સંસારમાં શ્રીમાનો બાલ્યકાળ વીત્યો. નાનાકાકાએ લગ્ન કર્યા ન હતા, તેઓ છેવટ સુધી રામચંદ્રના કુટુંબ સાથે રહેતા. પોતાની જમીનમાં જે અનાજ પાકતું તે કુટુંબને પૂરું પડતું ન હોવાથી રામચંદ્ર ગોરપદું કરતા ને કપાસની ખેતી પણ કરાવતા. માતા શ્યામાસુંદરી શિશુશારદાને ખેતર વચ્ચે સુવાડી કપાસ વીણવા જતાં. મોટા થયા પછી શારદા પણ આ કામમાં તેની માતાને મદદ કરતી. મા દીકરી એ કાલાંનાં રૂમાંથી જનોઈ માટે સુતર કાંતતાં અને તે વેચીને કુટુંબ માટે કપડાંલતાં ખરીદતાં. શારદાનું બીજું કામ નાના ભાઈઓની સારસંભાળ રાખવાનું રહેતું. આમોદર નદી તેમની ગંગા હતી. શારદા ભાઈઓને લઈને ગંગામાં નાહવા જતી. નાહીને ત્યાં બેસી બધાં મમરા ખાતાં પછી ઘરે આવતાં.

નાનપણમાં ઘરઘર રમતાં. ક્યારેય કોઈ સાથે ઝઘડો કરતાં નહીં. કાલી અથવા લક્ષ્મીની મૂર્તિ ઘડી, તેની બીલીપત્રથી ને ફૂલથી પૂજા કરવી તેમને ખૂબ ગમતી. નાનપણથી બુદ્ધિશાળી, શાન્ત ને શિષ્ટ આચારવાળા હતાં. કામકાજમાં પણ ઉત્સાહી કોઈ દિવસ કામ કરવા માટે કહેવું ન પડે. હૈયાની સૂઝથી ખંતપૂર્વક કર્યાં કરે.

શારદા પાણીમાં ઊતરીને ઘાસ કાપવાનું કામ કરતાં ત્યારે તેમની જ ઉંમરની એક અજાણ છોકરી તેમને ઘાસ કાપી આપતી. ઘાસની એક પૂળી શારદા કિનારે મૂકીને પાછી આવે ત્યાં તો એ છોકરી એને માટે બીજી પૂળી તૈયાર કરી રાખતી.



એ અજાણ બાલિકા કે દૈવીશક્તિ બીજી કોઈ વ્યક્તિના આગ-મન વખતે શારદાને દેખાતી નહીં. આવું લગભગ દસેક વર્ષ ચાલેલું.

સાવ નાની ઉંમરમાં રસોઈનું કામ પણ શારદા કરતાં ને ચૂલા પરથી વાસણ ઉતારવા પિતાજીને બોલાવતાં. તળાવેથી પાણીના ઘડા પણ ભરી લાવતાં અને ઘડાની મદદથી તરતાં પણ શીખી ગયેલાં.

શારદાની અગિયાર વર્ષની ઉંમરે એ પ્રદેશમાં ભયંકર દુકાળ પડેલો. દયાળુ પિતા રામચંદ્રે કેવળ પોતાના કુટુંબના જ ભવિષ્યનો વિચાર ન કરતા, અન્નક્ષેત્ર ખોલેલું અને સહુને અડદની દાળ અને ચોખાની ખીચડી રાંધીને ખવડાવતા, કોઈ વાર તો રાંધેલી ખીચડી ખૂટી જતી અને તરત ફરી રંધાવતા ત્યારે ગરમ ખીચડી ઠંડી કરવા થાળામાં ઢાળી દેતા. દુકાળમાંથી આવનાર ભૂખ્યાજનોને ધીરજ ન રહે એટલે નાનકડી શારદા ખીચડી ઠંડી કરવા બે હાથે પંખો નાંખતાં. (એ જ નાનકડી શારદા શ્રીમા બની રામકૃષ્ણના ભક્તોને પ્રેમથી ખવડાવી શકેને?) ટૂંકમાં ડાંગર છડવી, જનોઈનું સુતર કાંતવું, ઢોરોને ઘાસ નીરવું, રસોઈ કરવી, નદીએથી પાણી ભરવું— એમ સામાન્ય બાલિકાની જેમ સંસારનાં નાનાંમોટાં બધાં જ કામ આ નાનકડી શારદાએ નાની ઉંમરમાં કરેલાં. મતલબ કે શ્રીમાનો બાલ્યકાળ સાવ સામાન્ય બાલિકા જેવો પણ કૌટુંબિક કાર્યોમાં વ્યસ્ત રહીને પસાર થયો.

(ક્રમશઃ)

○

## પૂ. શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી

# પુરુષોત્તમયોગ

શ્રી યોગેશ્વરજી

(પૂ. શ્રીએ ભારતીય દર્શનશાસ્ત્રોના અર્કને લોકભોગ્ય શૈલીમાં સાધકોનાં જીવનને કંડારવા ૧૯૮૪ સુધી પુરુષોત્તમયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ, ગીતા ઉપર પ્રવચનો આપેલાં. આ પ્રવચનોની ઓડિયો કેસેટો તૈયાર કરવામાં આવી છે. આ કેસેટમાં પૂ. શ્રીની જે વાણી સાંભળવા મળે છે તે પરમાત્માના અમૃતરસ સમી છે માટે 'પૂ. શ્રીની અમૃતવાણી' શૃંખલા શરૂ કરતાં આનંદ થાય છે. પ્રભુ સ્વરૂપે પધારેલા પૂ. યોગેશ્વરજીની અમૃતવાણી આજે પણ સાંપ્રત સમયમાં શીતળતા આપનારી ને ચિરંતન સાહિત્યને પુષ્ટિ આપનારી બની છે. **—તંત્રી**)

મારી સાથે બીજાએ રહેવું જોઈએ એટલે મારી સાથે બીજા બે માણસો રહેતા હતા. અને ત્યાં આગળ ત્રણ મહિના સુધી હું રહ્યો. પણ જે ભાઈએ મને ફ્લેટ રહેવા આપ્યો તે ભાઈ, અમે ત્યાં રહેવા ગયા એટલે આવ્યા. બહુ પ્રેમથી વાતો કરી. તમારું જ મકાન છે માનજો. જરા પણ ઉતાવળ કરશો નહીં. બહુ સારું થઈ જાય, ઘણી જ શક્તિ આવી જાય પછી અહીંથી બહાર જજો. કાંઈ પણ કામ હોય તો અમને કહેજો. તમે અમને તમારા જ સમજજો. એટલા બધા પ્રેમથી, આત્મિયતાથી, કોઈપણ જાતના પરિચય સિવાય એ મહાનુભવે વાત કરી.

મારી સાથે જે ભાઈ રહેતા હતા, મારી સાથે જે બહેન રહેતાં હતાં એમને પણ કહ્યું, કોઈપણ કામ હોય તો તમે



બરાબર મને સમાચાર આપજો. મારું જ માનજો અને કોઈપણ જાતની તકલીફ વેઠશો નહીં. મેં કહ્યું, તમે આ કેટલું બધું સારું કામ કરો છો. મકાન ખાલી હોય છતાંય એમાં રહેવા માટે આપવું બહુ મોટી વાત ગણાય. તે કહે 'મારાથી બીજું શું થાય તેમ છે? સંસાર તો ક્ષણભંગુર છે. જીવનનો કોઈ ભરોસો નથી. જેટલું સારું થઈ શકે એટલું કરવું. આ જ નિયમ મેં રાખ્યો છે. મને થયું કે આ સારું કામ છે તો કરીએ. એ ભાઈ ગયા અને તમને નવાઈ લાગશે કે ત્રણચાર દિવસ હજુ માંડ થયા. રાત્રે પથારીમાં સૂવા ગયા હતા. ઘરમાં છોકરાઓની સાથે વાતો કરી, અને સવારે પથારીમાં જ સૂતેલા મળ્યા. ઊઠી શક્યા જ નહીં. ઊઠાડવા પડ્યા એમને. મૃતાવસ્થામાં મળ્યા. કહેલું કે શરીરનો શો ભરોસો છે. ક્યારે પડે કાંઈ કહેવાય નહીં. જેટલું સારું થાય તેટલું કરવું. જાણે કે અમને ફ્લેટ આપવા માટે જ રહ્યા હોય! ફ્લેટ આપ્યો.

ક્યા ભૂલિયા દિવાના દુનિયામેં સાર નાહીં,
દિનચાર કા તમાસા આખિર કરાર નાહીં,
રાજા વજિર રાની પંડિત સુબીર જ્ઞાની,
સબ હો ગયે હે ફાની જિનકા સુમાર નાહીં.

ગુરુનાનક દેવ કહે છે કે ભાન ભૂલવાનું નથી. જાગૃતિપૂર્વક જીવતાં શીખવાનું છે. સૌથી પ્રથમ ગીતામાતા પુરુષોત્તમ યોગમાં એ વાત કહે છે કે તમે જે સંસારમાં આવીને બેઠા છો તે તો ક્ષણજીવી છે. પરિવર્તનશીલ છે. તમે જે શરીરમાં બેઠેલા છો તે પળે પરિવર્તન પામનારું છે. એની અંદર જે આત્મા છે તે જ અપરિવર્તનશીલ છે. બાકી શરીર તો પરિવર્તનશીલ છે. માટે એમાં આસક્ત થતા નહીં. એના રૂપમાં, રંગોમાં ફસાઈને

ભાન ભૂલતા નહીં. ભ્રાંતિનો શિકાર થતા નહીં. આવી જાગૃતિ જો નહીં હોય તો તમે પુરુષોત્તમ સાથે યોગ નહીં સાધી શકો. આ એક અનિવાર્ય આવશ્યકતા ગીતામાતા બતાવે છે.

મહાભારતની અંદર યક્ષ ને યુધિષ્ઠીરના સંવાદમાં એક બહુ સુંદર વાત આવે છે. યક્ષ યુધિષ્ઠીરને પૂછે છે કે 'યુધિષ્ઠીર, કિમ્ આશ્ચર્યમ્ આ સંસારનું મોટામાં મોટું આશ્ચર્ય શું?' યુધિષ્ઠીર જવાબ આપે છે કે મને તો એક જ આશ્ચર્ય લાગે છે કે માણસો જન્મે છે, મરે છે. જે માણસો મરે છે તેમની સ્મશાનયાત્રામાં બીજા માણસો સામેલ થાય છે પણ ખરા. એને માટે શોક પણ પ્રદર્શિત કરે છે અને તે છતાં પણ માણસ ભૂલી જાય છે કે મારે પણ અહીંથી ચાલવાનું છે, મારે પણ એક દિવસ અહીંથી વિદાય થઇ જવાનું છે. માટે વિદાય થવા માટે જે આવશ્યક હોય તેની તૈયારી હું કરું.

એક ભાઈએ મારી પધરામણી કરી, પછી બંગલો બતાવ્યો. મને કહ્યું 'યોગેશ્વરજી, બંગલો કેટલો સરસ છે? મેં કહ્યું 'ઠીક'. તો કહે 'કેમ ઠીક કહ્યું? આટલો બધો સરસ બંગલો ઘણા બધા રૂપિયા ખર્ચીને મેં બનાવ્યો છે ને.' મેં કહ્યું 'ઠીક'. પછી પોતાની સ્ત્રીને બોલાવી, જરા પગે લાગ. મને કહે કે 'યોગેશ્વરજી મારી સ્ત્રી કેવી?' મેં કહ્યું 'ઠીક'. આનેય તમે ઠીક કહી. મેં તો સિવિલ મેરેજ કરેલું છે ને.' મેં કહ્યું તે તમારે માટે બધું, મારે શું? મારે તો ઠીક, ફરનિચર કેવું લાગ્યું? મેં કહ્યું 'ઠીક'. મોટર એમને ત્યાં ત્રણ હતી. છોકરાઓની જુદી, પોતાની જુદી, મીસીસની જુદી. મને કહે 'આ કેવા લાગ્યા?' મેં કહ્યું 'ઠીક'. મને કહ્યું 'જો જો હો તમે બધું ઠીક ઠીક જ કહો છો. કંઇ કારણ.' મેં કહ્યું 'આ બધું જે તમે મને અત્યાર સુધી



બતાવ્યું ને તે તો એવું બતાવ્યું જેને મૂકીને તમારે જવાનું છે. આ બધી વસ્તુઓ બતાવી છે જેનું તમે અભિમાન રાખો છો તે બધી વસ્તુઓ મૂકીને જવાનું છે. એ કાંઇ તમારી સાથે આવવાની નથી.

એવી તો કોઇ વસ્તુઓ બતાવો કે તમારે ચાલવાનું થાય ત્યારે તમારી સાથે આવે. એવું કાંઇ ભેગું કર્યું? એવી કાંઇ કમાણી કરી? ધર્મ જ સાથે આવશે. સત્કર્મ જ સાથે આવશે, પ્રભુનું સ્મરણ જ સાથે આવશે. આને માટે કાંઇ કરો છો? એની પત્ની કહે 'યોગેશ્વરજી, બહુ સાચું કહ્યું હો! મારું માનતા જ નથી. બહુ સારી વાત નીકળી. આ રોજ દારૂ પીએ છે. જરા શીખામણ આપતા જજો.' મેં કહ્યું 'આ સાથે આવવાની છે બોટલ! સાથે જે શું આવવાનું છે તે તમે ભેગું કરો તો હું તમને કહું બહું સારું! એક્સેલન્ટ (શ્રેષ્ઠ)! ઘણું સારું! પછી ઠીક નહીં કહું. આ તો એવું બતાવો છો કે અહીં પડ્યું રહેવાનું છે. તે કહે 'ખરેખર'. મેં કહ્યું 'હા, તમારું શરીરેય પડ્યું રહેવાનું છે, તમારી સાથે નહીં આવે. તમારો સ્વ તમારી સાથે આવવાનો છે. તમારો સ્વ તમારી સાથે આવ્યો હતો સંસારમાં અને તે સ્વ(આત્મા) તમારું સ્વરૂપ છે તે સાથે ચાલવાનું.

આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે એને ઓળખવાની કોશિશ કરો તો સારું.' મને કહે 'વિષય બહુ મજાનો છે યોગેશ્વરજી હો!' મારે તમારી પાસે આવવું હોય તો? મેં કહ્યું 'ખુશીથી આવોને! હું તો તમારા જેવા ગ્રાહકોની શોધમાં જ છું. તમને ફાયદો થશે, તમારી મીસીસને ફાયદો થશે, તમારા છોકરાઓને ફાયદો થશે, બધાયને ફાયદો થશે. તમારું જીવન ઊંચું થઇ જશે. આવો, મજા પડશે, મને કાંઇ આમાં આનંદ

આવતો નથી તમે બધું બતાવો છો તેમાં. હું તો કાંઇ બીજું જોવા માગું છું કે જે તમારી સાથે રહેતું હોય. એ તો ચાર દિવસની ચાંદરણી જેવું છે અને બધુંય મૂકીને ચાલવાનું છે, તો જ્યારે ચાલશો ત્યારે સાથે શું આવશે એનો વિચાર કરો છો? એ વખતે આપણે શું લઇ જઇશું? એ વખતે આપણે જે લઇ જવાનું છે તેને એકઠું કરવાનો પ્રામાણિક પ્રયત્ન થોડોક તો કરો. તો શાંતિથી ચાલ્યા જશો તમે, શાંતિથી તમને આનંદ આવશે. જવાનો વખત આવશે ત્યારે આનંદપૂર્વક જશો.

યુધિષ્ઠિર યક્ષને કહે છે આ આશ્ચર્ય જગતનું છે. માણસો જાણે છે કે જવાનું છે તોય માણસો જવાની તૈયારી કરતા નથી. માણસો જાણે છે કે રહેવાનું નથી છતાં પણ રહેવા માટેની જ ચિંતાઓ કર્યા કરે છે. ચાલવાની ચિંતા કોઇ કરતું નથી. આનાથી મોટું કોઇ આશ્ચર્ય નથી. યક્ષ—યુધિષ્ઠિરનો સંવાદ મહાભારતની અંદર વાંચવા જેવો છે. સંસારની અંદર કોઇક જ વિરલ જીવો સંસારની પરિવર્તનશીલતાનો વિચાર કરી અને પોતાના સ્વાર્થનો વિચાર કરીને આગળ વધે છે. ગીતાના પુરુષોત્તમ યોગની અંદર આ વસ્તુ બતાવવા માટે એક સુંદર શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે.

સંસારને અશ્વત્થ કહેવામાં આવ્યો છે. આપણે જોઇએ છીએ કે માણસો નદીએ નહાવા જાય. પુરુષોત્તમ માસ હોય તો વધારે જશે, નદીએ નહાવા. અહીંથી નર્મદાજી પાસે જ છે. જવું હોય તો જજો. આનંદ આવશે. અત્યારે પાણી બહુ મજાનું છે. વિશ્વામિત્રીમાં નવાય એવું હોય તો એમાં નહાજો. ક્યાંય નહાવાનું ન હોય તો નળના પાણીથી નહાજો.

**‘गंगे च यमुने चैव, गोदावरी सरस्वती । नर्मदे सिन्धु-कावेरी, जलेस्मिन् सनिधिं कुरु ॥**



બધી જ નદીઓના પાણી આ પાણીમાં નિવાસ કરો એમ મંત્ર બોલજો એટલે પવિત્ર થઇ જવાશે. આવુંય ઋષિઓએ બતાવ્યું છે. ભાવનાત્મક એકતા બતાવી છે. અધિક માસમાં ઘણાં આવું કરે. પુરુષોત્તમ માસમાં ઘણા નાહીને આવતા હોય ને રસ્તામાં પીપળો આવતો હોય તો પ્રદક્ષિણા કરે. ગીતામાં આ સંસારને અશ્વત્થ કહ્યો છે. અશ્વત્થનો ગુજરાતીમાં ‘પીપળો’ એવો અર્થ થાય છે. એટલે ઘણાં માણસો પીપળાની પ્રદક્ષિણા કરે છે. પીપળો કહ્યો છે ખરો પણ અશ્વત્થનો અર્થ ઘણો ગહન અને વિશાળ છે. ગીતાના ઘણા શબ્દો ઉપનિષદમાંથી સીધા આવેલા છે. ગીતાના ઘણા શ્લોકો ઉપનિષદમાંથી સીધા જ આવી ગયા છે. કેટલીક ઠેકાણે તો શ્લોકો જ આપણને એવા જોવા મળે છે. તુલનાત્મક અધ્યયન આપણે કરીએ તો ઘણું જાણવાનું મળે છે. ભગવાન સંસારને અશ્વત્થની સાથે સરખાવે છે. કઠોપનિષદની અંદર અશ્વત્થ શબ્દ જોવા મળે છે. કઠોપનિષદમાં યમદેવ નચિકેતાને કહે છે **‘उर्ध्वमूल अवाक शाखः एषः अश्वत्थः सनातनः** ગીતામાં કઠ ઉપનિષદના આ અશ્વત્થ શબ્દને લીધો છે.

**उर्ध्वमूल मधः शाखः अश्वत्थं प्राहुरव्ययम् ।**

સંસાર શું છે? ભગવાન કહે છે કે ‘જરા વિચાર તો કરો. પરમાત્માને પામવાની ઇચ્છા જીવને થઇ પણ જ્યાં સુધી જીવ સંસારની વિનાશશીલતાને નહીં ઓળખે, પરિવર્તનશીલતાને નહીં ઓળખે ત્યાં સુધી પરમાત્માને કેવી રીતે પામી શકશે. ત્યાં સુધી સંસારમાંથી આસક્તિનો અંત પણ કેવી રીતે લાવશે? સંસાર અશ્વત્થ છે એમ ભગવાન કહે છે.’ (ક્રમશઃ)

○

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

યશોદાએ જણાવ્યું :

'કૃષ્ણ એનો નાશ શું કરી નાખે ? નાનકડા કૃષ્ણમાં એવી શક્તિ ક્યાંથી હોય ? એવી શક્તિની કલ્પના પણ કોણ કરી શકે ? પૂતના તો એના પોતાના મોતે જ મરી ગઇ છે. કૃષ્ણનો એમાં કશો જ દોષ નથી.'

એક બીજી સ્ત્રી બોલી ઊઠી :

'કૃષ્ણની રક્ષા ઈશ્વરકૃપાથી જ થઇ શકી એ સાચું છે. પરંતુ આવી ભયંકર પૂતનાના નાશનું એ નિમિત્ત બન્યો એથી મને ભય લાગે છે.'

'શાનો ભય ?'

'કંસ આ વાત જાણશે તો ?'

'તો એ શું કરવાનો છે ?' બીજી સ્ત્રી ઉત્તેજિત બનીને બોલી ઊઠી : ' કૃષ્ણે કે કોઇએ એને મારી છે જ ક્યાં ? ઊલટું, એ પોતે જ કૃષ્ણને મારવા આવેલી.'

'છતાં પણ કંસ ખૂબ જ ક્રૂર છે એ યાદ રાખવાનું છે. એના કાને આ વાત જરૂર પહોંચી જશે અને એની પ્રતિક્રિયા કેવી પ્રતિકૂળ પડશે તે સહેલાઇથી કલ્પી શકાય છે.'

યશોદા કશું બોલી નહિ.

નંદની આજ્ઞાનુસાર ગોકુલવાસીઓએ પૂતનાનું દાહકર્મ કરાવ્યું.

અગ્નિની આકાશમંડળને માપવા માગતી ઘોર



જ્વાળાઓએ એ ભયંકર રાક્ષસીના મૃત શરીરને જોતજોતામાં ભસ્મીભૂત કરી દીધું.

એ ઘોર જ્વાળાઓમાં કૃષ્ણના અસાધારણ સામર્થ્યનો સંદેશ હતો, પરંતુ અશક્તિને લીધે એને કોઇ ના સાંભળી શક્યું.

★ ★ ★

પરંતુ કંસ એમા અપવાદરૂપ સાબિત થયો.

પૂતનાના નાશની વાત સાંભળીને સૌથી પહેલાં તો એ 'અશક્ય અશક્ય' ઉદ્ગારો કાઢવા માંડ્યો. પરંતુ એ વાત ખરેખર સાચી હોવાની માહિતી મળતાં એનો ઉલ્લાસ ઊડી ગયો, એ અતિશય આશ્ચર્યચકિત બની ગયો, અને એના મનમાં એક પ્રકારનો આછોપાતળો ભય પેદા થયો.

એને આશંકા થઇ આવી કે પેલી આકાશવાણીએ, દેવર્ષિ નારદે, અને અવકાશમાં અદૃશ્ય થઇ ગયેલી દેવકીની કન્યાએ જેના સંબંધી સંકેત કરેલો તે બાળક શું આ જ છે ? એ જ મારો દુશ્મન થઇને મારા સર્વનાશનું કારણ બનવાનો છે ?

શું એ બધી અત્યુક્તિ જેવી લાગતી વાણી છેવટે સાચી પડશે ?

તો તો પછી...

એ અપશુકનિયાળ અમંગલ બાળકનો ગમે તેમ કરીને યુક્તિપ્રયુક્તિપૂર્વક નાશ કરી નાખવો જોઇએ. એને ઊછરવાનો અવસર જ ના આપવો જોઇએ. પૂતના સરખી શક્તિશાળી રાક્ષસીનો નાશ કરવામાં નિમિત્ત બનનાર બાળક છેક સાધારણ તો નહિ જ હોય. એને સાધારણ માનવાની ભૂલ ના જ કરી શકાય. મને મારનાર એ બાળક ગોકુલમાં પ્રકટ થઇ ચૂક્યો હોય તો તેની ના નહિ. જોકે મારો નાશ કરવાનું સામર્થ્ય ત્રણે

લોકમાં કોઈનામાં નથી તોપણ મારે સાવધ રહેવું જરૂરી છે, જેથી ભવિષ્યમાં કોઈ પ્રકારની નિરર્થક આકસ્મિક ઘટના ના બની જાય.

એણે ભવિષ્યનો વિચાર કરીને પોતાના વિશ્વાસનીય સાથીઓ સાથે મળીને કૃષ્ણને મારી નાખવાની યોજના ઘડી.

સાથીઓએ પોતાની બુદ્ધિ તથા શક્તિમાં વિશ્વાસ રાખવાનું કહીને એને હિંમત આપી.

કંસની સંમતિ મેળવીને શકટાસુરે કૃષ્ણનો નાશ કરવાનો નિર્ણય કર્યો.

એ પ્રબળ સૂક્ષ્મ પવનનું રૂપ ધારણ કરીને ગોકુલમાં પહોંચ્યો અને નંદના ઘરના પ્રાંગણમાં પડેલા એક ગાડા પર બેસી ગયો.

એ ગાડાની પાસે જ પારણું પડેલું અને એમાં કૃષ્ણ સૂઈ રહેલો.

એ દિવસ અતિશય મંગલ હોવાથી નંદે સમસ્ત ગોકુલવાસીઓને ભોજન કરવાનું આમંત્રણ આપેલું. એથી ગોકુલવાસીઓ ત્યાં એકઠા થયેલા.

યશોદા, રોહિણી જેવી યુવતીઓ અને બીજાને કેટલાક યુવકોએ ભોજનપદાર્થોને પીરસવાનું કામ ઉપાડી લીધેલું.

ગાડા પર બેઠેલા શકટાસુરે કૃષ્ણને એકલા જાણીને એમને મારી નાખવાનો વિચાર કર્યો.

પૂતનાના મૃત્યુની કટુ સ્મૃતિથી એનું દિલ ઊંડા દુઃખથી ભરાઈ જતું.

કૃષ્ણે એને તરત જ ઓળખી કાઢ્યો.



શકટાસુરના ભારથી ગાડું હાલવા લાગ્યું એટલે કૃષ્ણે પરિસ્થિતિનો પાર પામી લઈને એકાએક રડવા માંડ્યું.

રડતાં રડતાં એમણે પગ લાંબા કરીને લાત મારી.

એ લાત વાગતાં જ શકટાસુર ચીસ પાડી ઊઠ્યો, એનો બનાવટી અભિનય પૂરો થયો, એને મર્મઘાતક વેદના પહોંચી અને એનું સ્થૂલ શરીર ધરતી પર ઢળી પડ્યું.

કૃષ્ણ એ જોઈને શાંત બની ગયા.

નંદ, યશોદા, રોહિણી અને અન્ય ગોકુલવાસીઓ શકટાસુરની ચીસ સાંભળીને દોડી આવ્યા.

એ અદૃષ્ટપૂર્વ દૃશ્ય દેખીને એમના આશ્ચર્યનો અંત ના રહ્યો.

એ કૃષ્ણને સહીસલામત જોઈને સંતોષ પામ્યા ને અંદર અંદર કહેવા લાગ્યાં :

'આ રાક્ષસ પણ પૂતનાની પેઠે ગોકુલમાં અનર્થ કરવાના આશયથી જ આવી પહોંચ્યો લાગે છે. સારું થયું કે કોઈના માર્યા વગર એ પોતાની મેળે જ મરી ગયો.'

'મારા કૃષ્ણને કાંઈ નથી થયું એટલું સારું છે.' યશોદા બોલી; ' દિશાઓના દેવતાઓએ એની રક્ષા કરી.'

એને શી ખબર કે કૃષ્ણની રક્ષા દિશાઓના દેવતાઓએ નથી કરી, પણ એણે પોતે જ કરી છે અને શકટાસુરનો નાશ પણ એણે જ કર્યો છે ?

કૃષ્ણના બાળજીવનનું એક બીજું મહાન કષ્ટ એવી રીતે દૂર થયું. (ક્રમશઃ)